માસિક
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે | સળંગ અંક ૨૨૨ | જાન્યુઆરી ૨૦૨૬
Volume no. 18, | Issue No. 222 | December 2026

## સમૈયો

## વિજય સ્તંભ સ્થાપન મહોત્સવ

## પત્રિકા લેખન





પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-



સંપ્રદાયમાં પ્રસિધ્ધ કાલુપુર મંદિરની ધનુર્માસ ધૂનમાં વહેલી સવારે હજારો હરિભક્તો સાથે ધૂન કરતા પૂ.મહારાજશ્રી અને પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર ગાધીનગર સે. ૨ ઉના પાટોત્સવ પ્રસંગે પુસ્તક વિમોચન કરતા પ.પૂ.આચારર્ય મહારાજશ્રી



કોડકી (કચ્છ) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



સમૈયાના ઉપલક્ષમાં પ.પૂ.ગાદીવાળાશ્રીનાં સાંનિધ્યમાં કાલુરપુર મંદિરમાં સત્સંગ સભામાં હજારો મહિલા હરિભક્તોએ લાભ લીધો હતો.



સમૈયાના ઉપલક્ષમાં પ.પૂ.ગાદીવાળાશ્રીના સંકલ્પથી અને સાનિધ્યમાં જમીયતપુરા મંદિરમાં યજ્ઞમાં સમીધ હોમતા પૂ.શ્રીરાજા સાથે હજારો બહેનો.




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૯) ● સળંગ અંક : ૨૨૨ ● જાન્યુઆરી-૨૦૨૬


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ''સમૈયો''ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ મા અને ૮ મા વંશજના મુખેથી અમૃતવચનો | ૦૭ |
| ૦૫. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી | ૧૩ |
| ૦૬. | ભક્તિસુધા | ૧૯ |
| ૦૭. | ''સમૈયો''ના ઉપલક્ષમાં | ૨૩ |



શ્રી સ્વામિનારાયણ

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

ભલે આ મહિનો કમૂર્તા ગણાય પણ ભગવાનના ભક્તો માટે એ ભજન-ભક્તિ સાધનાનો મહિનો રહ્યો. સવારના બ્રહ્મમુહૂર્તમાં વહેલા ઉઠી મંદિરમાં ધનુર્માસની ધૂન એક અલૌકિક પર્વ બની રહે છે. આપણી ભજન-ભક્તિની બેટરી ચાર્જ થઈ જાય છે. અત્રે નિજ મંદિરમાં સભા મંડપ સૂક્ષ્મ લાગે છે, જ્યાં પાંચ વર્ષના બાળકથી લઈને ૮૦ વર્ષના ભક્તજનો ધૂનમાં તરબોળ થઈ જાય છે.

આપણા ''સમૈયો''ની તૈયારી રૂપે વિજયસ્તંભ ધ્વજારોપણનો કાર્યક્રમ પર્વ ગ્રાઉન્ડ પર ભવ્ય રીતે સ્થાપિત કર્યો. ધર્મકૂળના વરદ્ હસ્તે આમંત્રણ પત્રિકાઓ લખાઈ અને એના વિતરણનો ઉત્સવ પણ આપણે મનાવ્યો. હવે ''સમૈયો''નો ઉત્સવ તા. ૨૩ મી જાન્યુઆરી-૨૦૨૬ આવી પહોંચ્યો છે, ''સમૈયો''ના સ્થળ ઉપર હરિભક્તો સેવા માટે વિવિધ પ્રવૃત્તિમાં લાગી ગયા છે. દરરોજ પ.પૂ. મહારાજશ્રી તેમજ, પ.પૂ. લાલજી મહારાજશ્રીના માર્ગદર્શન મુજબ ધમધમાટ કાર્ય ચાલી રહ્યું છે.

શ્રીજી મહારાજે આજથી ૨૦૦ વર્ષ પહેલા ધર્મ સંસ્થાપન માટે મંદિરો તેમજ શાસ્ત્રોની આવશ્યકતા પૂરી પાડી, 'શિક્ષાપત્રી'નું આ શાસ્ત્ર ચિરકાળ સુધી સ્થાયી રહેશે.

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર જીવોના કલ્યાણ માટે પ્રગટ થયા હતા. ધર્મ-સંસ્થાપન માટે મહારાજે આપણને ધર્મવંશી આચાર્ય, સંતો, શાસ્ત્રો અને મંદિરો આપ્યા છે.

શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિ ભૂષણ જેવા શાસ્ત્રોનું નિત્ય પઠન કરવાની આજ્ઞા આપી છે. નિત્ય પાઠથી આપણે દરરોજ મહારાજની વાણી સ્વરૂપે એમની સાથે જોડાયેલા રહી શકીએ. એમના આદેશને રોજ યાદ કરી એવું જીવન જીવી શકીએ. ચિત્ત શુદ્ધિના દોષથી બંધાયેલા રહીએ.

આપણા સંપ્રદાયની પુષ્ટિ, સંપ્રદાયના ગ્રંથો દ્વારા થાય છે. 'શિક્ષાપત્રી' સર્વ શાસ્ત્રોનો સાર મહારાજે આપ્યો છે, તે સંપ્રદાયને અનંતકાળ સુધી ટકાવી રાખશે.

આપણી વ્હાલી શિક્ષાપત્રીનાં જન્મનો ૨૦૦ વર્ષનો ઉત્સવ ''સમૈયો'' ઉજવવાનું આપણા ભાગ્યમા આવ્યું છે. તો તૈયાર થઈ અતિ ઉત્સાહ-આનંદથી''સમૈયો''માં આપણે જોડાઈ જઈએ એટલે આપણે પરમકૃપાળુ પરમાત્મા સાથે જોડાઈશું. ''સમૈયો'' મહામહોત્સવમાં પરિવાર સહ કંકોત્રીની રાહ જોયા વિના સાગમટે પાંચ દિવસ પધારશો.

એજ હેતપૂર્વક સૌને અમારા જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ડિસેમ્બર-૨૦૨૫)

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર સાબલવાડ (ઈડર પ્રદેશ) મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર અડાલજ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૪ ''સમૈયો''ના ઉપલક્ષમાં વિજય સ્તંભ સ્થાપના પોતાના વરદ્ હસ્તે સંપન્ન પર્વ ગ્રાઉન્ડ.
૧૫ શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના ''સમૈયો'' મહામહોત્સવની આમંત્રણ પત્રિકા લેખન પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.



૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ઓળા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૦ ધનુર્માસ ધૂનમાં પધાર્યા કાલુપુર મંદિર.
૨૨-૨૩ નારાયણપર (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર શિક્ષાપત્રી કથા પ્રસંગે (સે-૨૩) પધરામણી.
૨૭-૨૮ કોડકી (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.
૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મેઉ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૩૧ એકાદશી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધૂનમાં પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ડિસેમ્બર-૨૦૨૫)

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા (રામબાગ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૪ ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૪ ''સમૈયો''ના ઉપલક્ષમાં વિજયસ્તંભ સ્થાપના પોતાના વરદ્ હસ્તે સંપન્ન ''પર્વ'' ગ્રાઉન્ડ.
૧૫ શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના ''સમૈયો'' મહામહોત્સવની આમંત્રણ પત્રિકા લેખન પોતાના વરદ્ હસ્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સંપન્ન થયું.
૧૬ જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવની ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર વિસનગર નૂતન મંદિર શિલાન્યાસ અને શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર ઉત્સવની મિટિંગ પ્રસંગે પધરામણી.
૨૭ લુણાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮ મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च ।
न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदो ऽपि च ॥११५॥

**અનુવાદ : અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે ધ્યાન કરવા યોગ્ય છે, તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે; માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ, તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. માટે એમનું ધ્યાન ન કરવું. (૧૧૫)**



**વિવેચન :** મુમુક્ષધ્યેયત્વ શ્રીકૃષ્ણ સિવાય અન્યત્ર ન હોવું જોઈએ. એની અહીં સ્પષ્ટતા કરવામાં આવી છે. શ્રીકૃષ્ણ ભગવાન તેમના અવતારો અને ધાતુ કે અશ્મમયી એવી તેમની પ્રતિમા સિવાય અન્ય મનુષ્ય કે દેવનું ધ્યાન ન કરવું. ધ્યાનના શુભ આશ્રય પરમાત્મા સિવાય બીજા કોઈ નથી. तदवताराश्च એ શબ્દ ધ્યાન ખેંચે તેવો છે. આનો સમાસ આ રીતે છોડીએ : स अवतारो यस्य सः । શ્રીકૃષ્ણ છે અવતાર જેમનો તે એવા પુરુષોત્તમ સ્વામિનારાયણ સર્વાવતારોના અવતારી, એમનું ધ્યાન ધરવું એવો અર્થ આ સમાસથી ઉત્પન્ન થાય છે તે નોંધવું.

આજ રીતે કોઈ પ્રતિમા, કે જેની સ્થાપના ભગવાને કરી હોય કે ભગવતરૂપ આચાર્યશ્રીએ કરી હોય તેનુ ધ્યાન ધરવું, ગમે તેવી અથવા ગમે ત્યાં ઉપલબ્ધ પ્રતિમાનું નહિ. અર્થાત્ જે પ્રતિમાનો પ્રતિષ્ઠાવિધિ શાસ્ત્ર પ્રમાણે થયેલ હોય, શ્રીહરિએ કે તેમના અપર સ્વરૂપ આચાર્યશ્રીએ સ્થાપિત કરી હોય તેનું ધ્યાન ધરવું.

શ્લોકની બીજી પંક્તિમાં એક મહત્ત્વની વાત કહી છે. મનુષ્ય ગમે તેવો મહાન ભક્ત બ્રહ્મવેતા હોય તો પણ તેનું ધ્યાન ન ધરવું. કારણ કે તેનામાં અવતારપણા કે ભગવદ્રૂપપણાનો ભાવ રાખી શકાય નહિ. મનુષ્ય માત્ર ભગવાનનો અંશ છે એ જુદી વાત પણ માનવની ઈશ્વરની જેમ આરાધના, સેવા-પૂજાનો અહીં નિષેધ છે, એટલે કે ભગવાનના રૂપમાં તેનું ધ્યાન થઈ શકે નહિ. માન આપવું, વગેરેનો બાધ નથી પણ ધ્યાન તો થઈ શકે નહિ એમ જણાવ્યું છે. ભગવાન શૌનક કહે છે :-

જગતની અંદર પ્રાણીઓ કર્મના ફળ રૂપે મળેલા સંસારમાં આવે છે તથા જાય છે માટે તેઓ ધ્યાન માટે ઉપયોગી અહીં જે નિષેધ કર્યો છે તે ભગવાનની જેમ ધ્યાન કરવાનો નિષેધ છે. ભગવાનની પરિચર્યામાં રહેલા હોય તે દેવો વગેરે તો ભગવાનની સાથે હોવાથી ધ્યાન વિષયક બને પણ ખરા, તેમાં દોષ નથી, કારણ કે ભગવાનની પરિચર્યા કરતા હોય તેવા રૂપમાં તે ધ્યાનમાં ભગવાનની સાથે આવવાના તો ખરા. નિત્યમુક્તાદિનું ભગવદ્ વિશેષણત્વ હોવાથી ઉપાસ્યત્વ નિષિદ્ધ લાગતું નથી તે સમજવું. ગુણવિશિષ્ટ અને વિભૂતિવિશિષ્ટ એવા પરબ્રહ્મનું જ ઉપાસ્યપણું શાસ્ત્રોમાં કહેલું છે.

સંક્ષેપમાં કહીએ તો આપણા ઈષ્ટદેવ પ્રકટ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન ધરવું એ સૌથી હિતાવહ છે. તેમની પ્રતિમા તેમજ અવતારોનું ધ્યાન પણ ધરવું, બાકી અન્યનું ધ્યાન કરવું નહિ, પણ આદર માન સત્કાર કરી શકાય એમ આ શ્લોકનો ભાવાર્થ છે.

# શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ મા અને ૮ મા વંશજના મુખેથી

# અમૃતવચનો







સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**અસારવા વીર હનુમાનજી દાદાનો ૧૭૫ વર્ષ શતામૃત પાટોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી, તા. ૯-૧૦-૨૦૨૫ :** ઘણા બધા સમયથી જે પ્રસંગની આપણે સૌ રાહ જોઈ રહ્યા હતા, હનુમાનજી દાદાના સાંનિધ્યમાં, ૧૭૫ વર્ષ, અહીંયા બિરાજમાન એવા વીર હનુમાનજી મહારાજને જ્યારે થઈ રહ્યા છે, **અયોધ્યાપ્રસાદજી દાદાએ જે હનુમાનજી મહારાજ સ્થાપ્યા, એનો મહિમા કહેવા જઈએ તો કદાચ પાંચ દિવસનો પ્રસંગ ઓછો પડે.**

સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર કૃપા કરીને અમારા જ કુળદેવતા, એમની અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં જ્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે જે સ્થાપના કરી છે. અમદાવાદ દેશના મોટા મોટા પ્રસંગો જેટલા થયા છે અને હમણાના મોટા પ્રસંગો ''પર્વ'' ત્યાર પછી ''આચાર્ય વંદના'' એ બે મોટા પ્રસંગો જે જમિયતપુરા હનુમાનજી મહારાજની બાજુમાં કર્યા અને હવે ''સમૈયો''એ પણ એ જગ્યાએ કરીએ છીએ. **જે પણ ઉત્સવ સમૈયા, જે પણ પ્રસંગો અમદાવાદ દેશમાં નિર્વિઘ્ન રીતે અને સારી રીતે પૂર્ણ થાય છે એ બધાનું શ્રેય હનુમાનજી દાદાને જાય છે. કારણ કે સાક્ષાત્ રીતે રહીને, આપણા માટે રહીને આપણી રક્ષા કરે છે.** આ સંપ્રદાય માટે, આ સત્સંગ માટે, હરિભક્તો માટે, સંતો માટે સાક્ષાતરૂપે રહીને જ્યારે રક્ષા કરી રહ્યા છે ત્યારે આપણી ફરજ બને છે કે એમના માટે જેટલું કરીએ એટલું ઓછું છે. કારણ કે **ભગવાનનું ઋણ ક્યારેય આપણે ચૂકવી કતા નથી.** તો ૧૭૫ વર્ષ હનુમાનજી દાદાને થયા છે ત્યારે આપણી શક્તિ પ્રમાણે ક્ષમતા પ્રમાણે જે કંઈ સેવા કરી શકતા હોઈએ એમાં આ ઉત્સવ એક પ્રયત્ન છે. જીર્ણોધ્ધાર કરી સરસ એક મંદિર થાય અને હરિભક્તોની વ્યવસ્થા થાય એની ચર્ચા થઈ રહી છે. તો ટૂંક સમયમાં એ પ્રોજેક્ટ આપણી સમક્ષ આવશે. એમાં પણ જોડાઈને સૌ હરિભક્તોએ સાથ સહકાર આપવાનો છે.

અંતમાં શા. સ્વામી નિર્ગુણદાસજી સ્વામીએ સંપ્રદાયમાં નરનારાયણદેવની કરેલી સેવાને બિરદાવીને, **વીર હનુમાનજી મહારાજનો આગામી ૨૦૦ વર્ષનો ઉત્સવ આવે ત્યાં સુધી તેઓનું શરીર સ્વસ્થ રહે એવી પ્રાર્થના સાથે કહ્યું હતુ કે આપણા સંતો અને આપણા હરિભક્તો એ આપણી મૂડી છે. અમદાવાદ દેશમાં એકતા છે અને સાથે સાથે પ્રેમ છે એટલે વિકાસ છે. જે પ્રેમ પરિવારજનો વચ્ચે પણ નથી હોતો એનાથી પણ વિશેષ પ્રેમ અહીંના સંતો અને હરિભક્તોમાં છે અને એ આપણી મોટામાં મોટી એસેટ (સંપત્તિ) છે. એ પ્રેમભાવ જાળવીને રાખવાનો છે. જ્યાં સુધી એ પ્રેમભાવ હશે, એકતા હશે ત્યાં સુધી વિકાસ છે. જે દિવસે કોઈ સહેજ પણ આડું અવળું થયું એ દિવસે સમજવું કે આપણા વિકાસનો દોર ધીમો પડવાનો છે માટે એ એકતાને આપણે જાળવી રાખવાની છે.**

બધાની વચ્ચે સંતો અને હરિભક્તો વચ્ચે પ્રેમ અને એકતા રહે, ભગવાન પ્રત્યે શ્રધ્ધા અને આત્મીયતા કાયમ માટે જળવાઈ રહે એવી હનુમાનજી દાદાના ચરણોમાં પ્રાર્થના કરી યજમાન પરિવાર સહિત સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**પ.પૂ. મોટા મહારાજશ્રી, તા. ૧૧-૧૦-૨૦૨૫ :** આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આ સ્થાનમાં જ્યારે હું આવું છું ત્યારે મને જૂની જૂની ઘણી સ્મૃતિઓ મનમાં યાદ આવી જાય છે. મારો જન્મ પણ અહીં થયો છે. અને હું ધારું છું ત્યાં સુધી ૩૦-૩૫ વર્ષ અહીં રહ્યા છીએ. રમ્યા છીએ, જમ્યા છીએ, ક્રિકેટ રમ્યા છીએ, પતંગ ઉડાડ્યા છે, ફટાકડા ફોડ્યા છે. બધી યાદ આવી જાય છે. અહીં બાપુજી રાઈડીંગ (ઘોડે સવારી) માટે ઘોડા રાખતા હતા. **એમાં માણકીનો વંશ પણ હતો. છેલ્લો વંશ હતો, એના ઉપર હું બેસતો હતો. ચેતક હતું ઘોડાનું નામ.** ઘોડાને લઈને અમે કેમ્પમાં જતા હતા, એ પણ યાદ છે.

આ હનુમાનજી છે ત્યાં દર કાળી ચૌદશે બાપુજી પધારતા અને આરતી વગેરે મોટા ઉત્સવ જેવું કરતા હતા. અમરા ભગત કરીને એ હનુમાનજીના એક પૂજારી હતા. એમનો રૂમ હતો બાજુમાં, એ વખતે હુલ્લડોનો જમાનો હતો. મોદી સાહેબ આવ્યા પછી હુલ્લડો બધા બંધ થઈ ગયા. બાકી એ વખતે વર્ષમાં લગભગ ૨-૩ વાર હુલ્લડ ને તોફાન ને કરફ્યુ ચાલ્યા જ કરે. કોઈ જગ્યાએ આગ લાગે,

આ થાય તે થાય. એકવાર એવું બનેલું, કંઈક આગ લાગેલી ને આગના કારણે અમારા ઘરની ઈલેકટ્રીસીટી બંધ થઈ ગઈ. વાયર સળગી ગયેલો એટલે પાણી પણ બંધ થઈ ગયેલુ. મ્યુનિસીપાલીટીનું પાણી ત્યાં ઘરમાં આવતું નહોતું. હનુમાનજી પાસેના રૂમમાં મ્યુનિસીપાલીટીનું પાણી આવતું હતું. એટલે બે દિવસ સુધી નહાવા આવ્યો હતો. હનુમાનજીના રૂમમાં. ઘણી બધી ગણાય નહી એટલી સ્મૃતિઓ છે.

**હનુમાનજી પાસેથી આપણે શું શીખવાનું છે ? તો પતિવ્રતાની ભક્તિ શીખવાની છે. આ મહારાજે આપણને કહ્યું છે.** બીજું જ્યારે જ્યારે ભૂત પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે એમનો આશરો કરવાનો છે. શુદ્ર દેવનો આશરો નથી કરવાનો, એ મહારાજે શિક્ષાપત્રીમાં સ્પષ્ટ લખ્યું છે. હવે ભૂત પ્રેતાદિકની વાત કરીએ તો એતો બધું આઉટ ડેટેડ થઈ ગયું. ભૂવા મળતા નથી અત્યારે, જૂના જમાનાની વાત થઈ ગઈ. **અત્યારે ભૂત ક્યાં ? મારી દ્રષ્ટિએ નરનારાયણદેવનો અને લક્ષ્મીનારાયણદેવનો દ્રોહ કરનારા હોય એ બધા અત્યારે ભૂત છે. એવા ભૂતથી મહારાજ આપણી રક્ષા કરે.** કારણ કે નંદ સંતોની વાણીમાં મેં એકવાર વાંચ્યું હતું કે સત્સંગીઓ ઘણી રીતે જોડાયેલા હોય છે. કેવી રીતે જોડાયેલા હોય છે ? કોઈ માનથી જોડાયેલા હોય છે, માન આપો એટલે આવે. કોઈ પ્રસાદથી જોડાયેલા હોય છે, કોઈ આગતા સ્વાગતાથી જોડાયેલા હોય છે. બાપુજી વખતની વાત છે. એક ઉંઝાના સત્સંગી હતા. મારી પાસે આવે, કહે હું તો શુદ્ધ નરનારાયણદેવનો છું. ઉતારો ત્યાં કરું છું. કેમ કે ? તો મારા કપડા ધોઈ આપે છે, પ્રસાદી આપે છે આટલી બધી. આ રીતે ઘણા બધા જોડાયેલા હોય છે. ઘણા ધંધાથી જોડાયેલા હોય છે. લગભગ ૪૦ વર્ષ પહેલાની એક વાત કહું. લીંબડીમાં ધ્રાંગધ્રાના એક સત્સંગી હતા. એ નાનો એવો એક બિઝનેસ કરતા. તો આપણા સંપ્રદાયમાંથી છૂટા પડેલા જેટલા ફાંટા છે એ બધાના ગુરુના ફોટા એ રાખે. જે ક્લાયમેન્ટ (ગ્રાહક) જે વખતે આવવાનો હોય, એ જેનો હોય એના ગુરુનો ફોટો ઓફિસમાં આગળ લગાવી દે એટલે બિઝનેસ સારો થાય. પેલો આવે એટલે માને કે આપણા ગુરુના શિષ્ય છે, ધંધો સારો થાય. મારો પણ ફોટો રાખતા હતા. આ રીતે ઘણા બધા જોડાયેલા હોય છે તો **આપણે તો એક મૂર્તિથી, મહારાજની નિષ્ઠાથી, આશ્રયથી જોડાયેલા છીએ. હનુમાનજી દાદા ને એજ પ્રાર્થના કરતા રહીએ કે નરનારાયણદેવ પ્રત્યે આપણી જે વફાદારી છે. એમાં ક્યારેય પણ ઉણપ ન આવે.**

સ્વામીએ ખૂબ સરસ આયોજન કર્યું. સ્વામીને હું નિર્ગુણ સ્વામી નથી કહેતો, નિર્ણય સ્વામી કહું છું. કારણ કે મારે કંઈક દ્વિધા હોય તિથિ બાબત કે સૂતક બાબત કંઈ પૂછવું હોય તો ફોન કરીને પૂછી લઉં કે, આમાં શું કરવાનું છે આપણે ? બહુ જ વિદ્વાન અને તલસ્પર્શી જ્ઞાન વાળા છે અને બીજી વાત કહું, જ્યારે એ પાઠશાળામાં ભણતા હતા ત્યારે નરનારાયણદેવ પ્રત્યેની એમની નિષ્ઠા એટલી દ્રઢ કે કોઈપણ મંદિરમાં, કોઈપણ જગ્યાએ નરનારાયણદેવનો દ્રોહ થતો હોય, સ્વામી સંતોનું ડેલિગેશન (પ્રતિનિધિ મંડળ નેતૃત્વ) લઈને મારી પાસે ફરિયાદ કરવા આવતા. અહીં નરનારાયણદેવની મૂર્તિ મૂકાવો, આમ કરો... બધું મને યાદ છે. તેમના સંસ્કૃતના જે ગુરુ હતા દુર્ગાનાથ ઝા એમના એ બહુ માનીતા વિદ્યાર્થી હતા, બરોબર ને સ્વામી ? તો આ બધી જૂની સ્મૃતિઓ છે.

આ ઉત્સવમાં જે ડૉક્ટર સાહેબ આવ્યા છે તે ન્યુઝિલેન્ડથી આવ્યા છે. એમની વાત કરીએ તો **એમણે એકલે હાથે ન્યુઝિલેન્ડમાં અદ્‌ભુત મંદિર કર્યું છે. એ મંદિર ઉપરાંત એક હાઈટેક બેન્કવેટ હોલ (અદ્યતન ટેકનોલોજી વાળો ભોજન ખંડ) બનાવ્યો છે. હું નથી માનતો કે ન્યુઝિલેનડમાં બીજો એવો હોલ હોય !** જેનો લાભ સત્સંગીઓ તથા બીજા પરોક્ષના લોકો વગેરે લાભ લે છે. **તેઓએ મંદિર માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે.** અને બીજા બધા સત્સંગીઓ પણ જાણીતા જ છે. **આ જે ભાવિકભાઈ છે એના નામ પ્રમાણેના ગુણ છે.** જ્યાં જરૂર પડે ત્યાં સંપ્રદાયમાં પોતે સારી સેવા કરે છે. આપ સૌને અમારા ખૂબ ધન્યવાદ છે અને નરનારાયણદેવની નિષ્ઠા વધે એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી :** હનુમાનજી દાદાના સાંનિધ્યમાં બેસીને ભગવાનનું ભજન, ભગવાનની કથા વાર્તા સાંભળવાનો લાભ મળે, હમણા જ વિશ્વપ્રકાશ સ્વામીએ વાત કરી એ પ્રમાણે **આ દાદાને બેસાડ્યા છે અયોધ્યાપ્રસાદજી દાદાએ અને હનુમાનજીમાં પ્રાર્થના કરી કરી ને દૈવત મૂક્યું છે.** અમે તો અહીંયા નાનપણથી જ મોટા થયા છીએ. જન્મ્યા છીએ જ અહીં રમ્યા છીએ, જમ્યા છીએ, તોફાન કર્યું છે, બધુ કર્યું છે. અહીં રહેતા હતા ત્યારે બે-ત્રણ વખત પાણી બંધ થઈ ગયેલું પછી નહાવા માટે હનુમાનજી પાસે મોટી ટાંકી હતી ત્યાં આવ્યા હતા.

આ બહુ મોટું મકાન હતું. એનોય એક ઈતિહાસ છે. કોઈને ખબર નહી હોય, રામ સ્વામી ! તમનેય ખબર નહીં હોય. ઈન્ટરેસ્ટીંગ વાત છે. જ્યારે અહીં રહેતા હતા, મોટું મકાન એટલે બધાના સામ્રાજ્ય જુદા જુદા હોય. એક ચોર એક મહિના સુધી ધાબે ચડીને સંતાઈ ગયેલો, દિવસે નીચે

આવીને જમી જાય, રીલેક્ષ થઈને પાછો રાત્રે ધાબા ઉપર ખાટલા બાટલા ઢાળીને ઉંઘી રહેતો હતો. ખોટું હોય તો પૂછી જોજો બાપજીને. પછી એણે વાત કરી કે હા હું ચોરી કરતો હતો. અહીં આવેલો પણ જગ્યા હતી નહી એટલે પડી રહેતો હતો. કંઈ વાંધો નહી. **આ તો ભગવાનના દરબાર છે. આશરો મળી જાય તો રંક હોય એ રાજા થાય.** તો ચોર હોય એય અઠવાડિયું. દસ દિવસ ખાય તો શું વાંધો છે? **આ તો દાદાનો દરબાર છે, નરનારાયણદેવના આશ્રયમાં છીએ એટલે સદંતર બધાનું હિત અને મંગળ થાય.** આ તો અચાનક યાદ આવ્યું એટલે કહેલું. ઘણા સંસ્મરણો આ જગ્યા સાથે જોડાયેલા છે.

**મારા અંગત અનુભવથી કહું તો આંખ મીંચીંને હનુમાનજીનો વિચાર કરો તો આખી દુનિયામાં આ મૂર્તિ યાદ રહી જાય.** કાંતો મને એ લાગતી હશે. હું જનરાઈઝ કરવા નથી માગતો. કોઈના ઉપર થોપી દઉં એવું નહી. પણ મને વ્યક્તિગત રીતે જે અનુભૂતિ છે એ કહું છું.

શા. સ્વામીના આયોજનથી અને સંતો - હરિભક્તોના યોગદાનથી અને પુરુષાર્થથી આવો સરસ કાર્યક્રમ થયો. આ આપણી પ્રણાલિકા અને પ્રથા છે. શા. સ્વામીને મેં વાત કરી હતી, **આપણો ધંધો જ આ છે. કથા વાર્તા થાય, ભગવાન પરાયણ કામ થાય. એમાં જ મને મઝા આવે છે. બીજું કામ ઉગતું જ નથી.**

**અયોધ્યાપ્રસાદજી દાદામાં ભગવાને જે સામર્થ્ય આપ્યું તેઓ પોતે જે ભજન ભક્તિ કરતા હતા, હું નથી માનતો, બે દેશમાં કોઈ આચાર્યએ અયોધ્યાપ્રસાદજી દાદા જેવું ભગવાનનું ભજન ભક્તિ કર્યું હોય. એમના અવધિમાં વ્રજ ભાષામાં કેટલા અસંખ્ય કીર્તનો છે.** હું તો ચમત્કારમાં માનતો નથી પણ આજે ખૂબ પ્રખ્યાત વાત છે. દાદા પોતે પૂજામાં બેઠા હતા તે સમયે શાલની અંદર વીંછી પેસી ગયેલો, ડંખ માર્યા. પૂજા પૂરી થઈ એટલે પાર્ષદને કહ્યું, ભગત જુઓને કંઈક લાગે છે તો આખા બેક ઉપર કેટલા બધા ડંખ મારેલા.

પણ વસ્તુ એક છે કે આજે હું હમણા જ મુનિ સ્વામી અને રામ સ્વામીને વાત કરતો હતો કે **બન્ને દેશમાં Maximum કોઈ આચાર્ય જીવ્યા હોય તો ૫૯ વર્ષ અયોધ્યાપ્રસાદજી દાદા જીવ્યા છે. કોઈ આચાર્યએ ૫૦ વર્ષ આચાર્યપદે પાર નથી કર્યા. અયોધ્યાપ્રસાદજી દાદા Maximum ૪૨ વર્ષ આચાર્ય પદે રહ્યા. વધારેમાં વધારે અત્યારે મોટા બાપજી ઉંમરમાં છે અને આચાર્યપદે પણ ઘણું લાંબુ ૩૫ વર્ષ રહ્યાં.** હું તો મોટા બાપજીને કહું છું, મારો જન્મ થયો એટલે તમે બચી ગયા. ટેન્શન ઓછું થઈ ગયું. પણ હકીકતમાં વિચાર કરો, અમદાવાદ દેશમાં વધારેમાં વધારે કોઈ આચાર્ય ૫૯ વર્ષથી વધારે જીવ્યા નથી. વડતાલ દેશમાં પણ ૫૦ થી વધારે ઝાઝા નથી. કારણ કે એ સ્ટ્રેસ લેવલ, એ મેનેજમેન્ટ, તમે સમજી શકો છો. ડૉક્ટર સાહેબ. મેનેજમેન્ટનું કામ બધું અમારી પાસે લાવીને મૂકી દે. ફલાણા સ્વામીએ આમ કર્યું, ફલાણા હરિભક્તે આમ કર્યું, ફલાણા ગામમાં આમ ચાલે છે. હું દુ:ખિયો થઈ ગયો છું. મારે આમ થઈ ગયું. મારે ધંધો નથી ચાલતો. હવે આમાં હું શું કરું ? તું મારો ધંધો કરે તો હું તારો ધંધો કરું, બીજું શું થાય ? પણ એમાંથી જો મઝા લેતા શીખી જાય માણસ.... હમણા એક વાર ઓફિસમાં બેઠો હતો. એક છોકરો આવ્યો. મને કહે, મારા મમ્મી-પપ્પા પૂજા કરવા દેતા નથી. મેં કીધું, કેમ એવું ? કોઈ ભગવાન પરાયણ થાય, હું નથી માનતો કે આજના જમાનામાં કોઈ એનો વિરોધ કરે. મારા પહેલા એમણે મહંત સ્વામી અને બીજા સંતોને વાત કરેલી એટલે કહે કે રોજ એ આ વાત કરે છે. એના મમ્મી-પપ્પા એવું કહે છે કે માતાજીને દીવો પહેલા કરવાનું રાખ તો બીજી આગળ વાત થાય. મેં કીધું, તારે ભગવાનનું ભજન મનમાં કરી લેવાનું. માતાજીને દીવો કરવાનો અને ભજન કરવાનું. હવે હકીકતમાં જોવા જઈએ તો અહીંયા મંદિરમાં કૃષ્ણ ભગવાન જોડે ઉભા છે એ કોણ છે ? માતાજી નથી ? શિવજીની પાછળ કે જોડે ઉભા છે એ કોણ છે ? પણ આમાં કોઈકે એવી ગોળી પીવડાવી દીધી હોય એટલે ચક્કર જામ થઈ ગયા હોય. સર્વોપરી અને over સર્વોપરી, સર્વોપરીથી આગળ જતા રહે. કોક ગાંડાએ ગોળી પીવડાવી દીધી હોય કે આપણે માતાજીને દીવો કરાય ? પછી એણે દશ રૂપિયા મૂક્યા. મેં કીધું, એક કામ કર. ઉપાડ, લઈ જા આ દશ રૂપિયા. એમાંથી અઠવાડિયા સુધી દીવો કર, પછી પાછો આવજે. એણે દીવો કરવાનું શરૂ કર્યું પછી આવ્યો. કહે, હવે પૂજા કરવા દે છે. મે કીધું મિક્ષ છે આ બધું. આપણે ભેદ ભાવ કર્યો છે. **ભગવાનમાં ભેદ ભાવ નથી.** પણ કોંક ઈસ્યુ આવાય આવે, મઝા લઈએ એમાંથી આપણે.

પણ For example, End of the day, મારી વાત કરું છું. દુનિયામાં આપણને જે મળ્યુ છે એ આપણે પાત્ર નથી. આ હું વ્યક્તિગત રીતે માનું છું. **આપણે બધા સુખી છીએ એની પાછળનું કારણ ભગવાન છે. એ કાયમ યાદ રાખવાનું છે. એ ભૂલાય નહી અને એ જો કાયમ યાદ રહેવાનું નથી, એતો લખીને આપી દઉં. કારણ કે ભગવાને પહેલા વચનામૃતમાં કીધું કે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી એ કઠણમાં કઠણ સાધન છે અને એનાથી મોટી કોઈ પ્રાપ્તિ પણ નથી. અખંડ શ્રધ્ધા, અખંડ વિશ્વાસ, અખંડ સ્મરણ, અખંડ**

**ભગવાન કર્તા હર્તા છે. એવું જો માણસ યાદ રાખી શકે તો દુનિયામાં કોઈ વસ્તુની જરૂર પડે એવું નથી.** જે વસ્તુ અશક્ય છે. મહારાજે પોતે કહ્યું છે કે કઠણમાં કઠણ છે એટલે વાત Finish **મહારાજનું વચન એટલે એમાં ફુલસ્ટોપ (પૂર્ણ વિરામ) જ આવે.** કોમા નથી આવતા એમાં કોમા કરીને પછી આગળ લઈ જાય એ નથી. **શિક્ષાપત્રી છે તો ફુલસ્ટોપ. શિક્ષાપત્રીનો કોઈ શ્લોક હોય એટલે ફુલસ્ટોપ. આપણે વધારો ઘટાડો કરીને મનને મનાવવું હોય એટલે ફુલસ્ટોપ. આપણે વધારો ઘટાડો કરીને મનને માનવવું હોય તો જુદી વાત છે.**

વસ્તુ એટલી છે કે **આપણને જે મળ્યું છેતે ભગવાનની કૃપા છે. કરુણા છે, દયા છે કે આપણા જેવા લોકોને ભગવાન સાથે સંપર્ક થયો, જોડાણ થયું અને ત્યારે જ આપણા જીવનમાં લીલોતરી આવી છે. નહીં તો સૂકુંને સૂકું જ હોત. બે ટંકનું પુરુંય ન થતું હોત એટલે ભગવાનના ઋણી છીએ આપણે.**

હમણાં બે-ચાર હરિભક્તો આવ્યા હતા, કહે, રાજી રહેજો, હું કે'દી ખીજાણો છું તમારી જોડે ? ભગવાન રાજી થાય એવા કામ કરો એટલે અમે રાજી જ છીએ. અમારે તો ક્યાં ટાઈમ જ છે કોઈની ઉપર ખીજાવાનો. ક્યારેય પણ કોઈના પર ખીજ અમારે શા માટે કાઢવી ? મહારાજે શિક્ષાપત્રી લખી, બીજા વિવેચનો આપ્યા, નંદ સંતોએ વિવેચનો આપ્યા, આપણે ૧૦૦% પાળી શકતા નથી, આજ્ઞામાં રહી શકતા નથી પણ મહારાજના વચનમાં રહેવા પ્રયત્ન કરીએ, પ્રયત્ન કરવાનો છે. **દુનિયામાં જીવનમાં** Step by step **ભગવાન તરફ જવાનો એક માર્ગ છે.** It is a pass. **માણસ તરફ, માણસથી ભગત થવા તરફ અને પછી ભગવાન તરફ જવાનો.** એટલા માટે ચાંદલો કરવો પડે છે, કંઠી પહેરવી પડે છે કે ક્યાં જવા નીકળ્યા છીએ, એ ભૂલી ન જવાય.

પણ પ્રવૃત્તિ થાય છે. આવું સરસ આયોજન કર્યું સ્વામીએ મને કંકોત્રી આપી, મને વિચાર આવ્યો, મારે મારા જ ઘેર આવવાનું અને મને કંકોત્રી મળી ! આનંદની વાત છે. બધા એકત્રિત થયા છો. હું તો છેલ્લા દિવસે આવ્યો પણ યુ-ટ્યુબમાં જોતો હતો હો સ્વામી ! સારું છે આ ટ્યુબમાં ચાલ્યા કરે એટલે દર્શન કરી લઉં, છેલ્લે હાઈ લાઈટ પણ જોઈ લઉં. કોણ આવ્યું, કોણ ગયું, તપાસ કરી લઉં. હરિભક્તો કોણ છે ? કોણ કોણ છેલ્લા દિવસે હાર પહેરવા આવે છે ? પણ છૂટ આપું છું, ખાલી ખાવાય આવજો, તમ તમારે જલ્સા કરો. કાલુપુર મંદિરે ઓફિસમાં મહંત સ્વામીને અમે એકવાર બેઠા હતા. મને કહે, ઓલ્યા મફતિયા ખાઈ જાય છે. મેં કીધું ખવડાવો. ક્યારેક ઓડકાર આવશે, ક્યારેક ગુણ બુદ્ધિ આવશે. ૫-૧૦% તો મફતિયા રહેવાના જ. આપણે મફતનું ખાઈએ છીએ ને ! ગાંઠનું જ ખાઈએ છીએ ને ! **આપણા બાપે બે ટંક ખાવાનું મળશે એની ગેરંટી આપી છે.** કોઈએ ગેરંટી આપી છે ? સગો બાપ હોય વીલ કરીને આપે પણ **જીવશો ત્યાં સુધી આજીવન બે ટંક ખાવાનું મળશે. એવી ગેરંટી લખીને કોઈ આપે ? એ શિક્ષાપત્રીમાં લખ્યું છે, એ શિક્ષાપત્રીમાં લખ્યું છે. આ શિક્ષાપત્રી અને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા એટલા માટે છે કે અમારો આશ્રિત અમારી આજ્ઞાનુંસાર વર્તશે તો કાયમ કોઈ દિવસ આ જન્મ અને દેહ પડી જશે તોય દુઃખી નહી થાય.**

ये पालयन्ति मनुजाः सच्छास्त्र प्रतिपादितान् ।

सदाचारान् सदा तेडत्र परत्र च महासुखाः ॥

મહારાજે કંઈ બાકી નથી રાખ્યું. જે પણ વ્યક્તિ, એમાં પાછો ભેદ નથી પાડ્યો કે અમારો ચાંદલો કરે, માળા ફેરવે કે ટુકટુકિયું કરે એવું લખ્યું નથી. વળી જે કહું છું એ સત્શાસ્ત્રોનું પ્રતિપાદન કરેલું છે. **જે પણ અમારી આજ્ઞા અનુસાર વર્તશે એને સુખ નહી, મહાસુખ મળશે.** તમે વિચાર કરો, આ અદ્ભુત વસ્તુ છે.

આ તો એક શ્લોકની વાત છે. માત્ર આની જ વ્યાખ્યા કરવા જાવ તો મોટા મોટા પી.એચ.ડી. કરીને ઉંધા વળી જાય તોય પુરું ના થાય. **સુખની પાછળ દુઃખ હોય, મહાસુખની સામે કંઈ આવતું નથી.** દરેક વસ્તુમાં Opposite હોય, તડકો હોય તો છાયો હોય, શીંગડા હોય તો પૂંછડા હોય, આ હોય તો તે હોય, તમે સમજો છો. લાંબુ નથી કરવું. તમારે જમવાનું છે, દુઃખી કરવા નથી કોઈને પણ મારી સમજણ પ્રમાણે જે વિચાર આવે છે એ એટલો છે કે આ જગતની અંદર સુખ તો બધાને મળે છે, મળે છે ને ? આપણે ગાંઠિયા ખાધા હોય તો સુખ આવે. હમણાં ફુલવડી ને સેવ પડી ગઈ થી ત્યાં અન્નકૂટ ધરાવતા, એ ફુલવડી હોય કે સેવ હોય, ખાવાથી મઝા તો આવે ને ? સુખ તો આવે ને ? વધારે ખાઈએ તો દુઃખ આવે, ગોટો ચડે પેટમાં Action અને Reaction હોય જ છે બધાના. **આ દુનિયામાં વિરોધાભાસ દરેક વસ્તુમાં હોય પણ મહાસુખમાં કોઈ વિરોધાભાસ નથી. જેની પાછળ દુઃખ નો પડછાયો નથી એવું સુખ અમે આપીશું, એવું મહારાજે કીધું છે. એ મહાસુખ આપણને ભગવાનના ચરણોથી મળે છે અને એ સુખની પાછળ દુઃખનો પડછાયો નથી. બીજી બધી વસ્તુમાં દુઃખનો પડછાયો છે.** મેન્ટેનન્સ છે. આ ભૂંગળું છે, વાપરીએ નહી તોય ચાર્જ કરવું પડે કે દોરડું રાખવું પડે, વાયર રાખવો પડે. માણસ આખાને મેન્ટેઈન કરવા પડે. કરવા પડે કે ના કરવા પડે ? હમણાં દિવાળી બેસતું વર્ષ

આવશે. જવું પડશે હવે ઓલ્યાને મળવા ! થાય છે ને ? બહેનો સમજી ગયા. તમને ઢહડી ઢહડીને લઈ જ જાય. ક્યાં જશો તમે ? વહેવારમાં બહેનો પાકા હોય, બરોબર ને ? 'ફલાણાને મળવા જવું છે.' 'અત્યારે ? મને જવું નથી ગમતું.' 'વહેવાર કહેવાય. જવુ પડે !' એટલે પછી ના ગમતું હોય તોય જવું પડે જગત આખું મેન્ટેનન્સ ઉપર ચાલે છે. હું માનું છું કે **એક વસ્તુ રાખવી જેમાં મેન્ટેનન્સ નથી, એ ભગવાન છે. ભગવાન સંબંધી જે કરો એ દિલ ખોલીને કરજો.** જે દિવસે મન ના હોય એ દિવસે પાંચ મિનિટ કરજો, બે મિનિટ કરજો. ક્યાંય લખીને નથી આપ્યું કે અડધી કલાક પૂજા કરવી. ઘણાને એવું નથી હોતું કે અમારે તો ૧૦૦ માળા કે ૨૦૦ માળા કરવાની જ. મુક્તાનંદ સ્વામી બિચારા મૂર્ખા હશે કે એક માળા માંડ ફરે તો ફરે એવું કહે. મેર સુધી પહોંચે એ પહેલા મગજ બીજે ફરી જાય એટલે પાછી માળા ફરી ચાલું. ૫૬ કરતા ડબલ છાતી કહેવાય, ભગવાન આગળ સ્વીકાર્યુ કે એક માળા માંડ ફરે છે. 'હું' તો છાતી ઠોકીને કહું ૫૦ માળા ફરે છે.' કંઈ ફરતું નથી, લાકડા ફરે છે. મગજ ફરે કે આ સ્પીકરનું દોરડું ક્યાંથી આવ્યું ? શા. સ્વામી ક્યારે પુરુ કરશે, ક્યારે ઉભા થઈશું, ખાવાનું કયારે મળશે, ઘર ભેગા ક્યારે થઈશું ? સાંજે ખાવાનું શું છે ? કાલે ક્યાં જવાનું છે ? ડૉકટર સાહેબ ચિંતા કરે, ફલાઈટ કેટલા વાગ્યાની છે ? પણ This is Fact Virtual દુનિયાની આ વાસ્તવિકતા છે.

એટલે હું તો મારી રીતે એટલું માનું છું કે જે કરવું હોય એ **પ્રેમથી કરવું. દિલ ખોલીને કરવું. નહી તો ના કરવું. અધકચરું કરવામાં મઝા નથી આવતી.** બચ્યું પૂછ્યું બંગાલ લઈને બેસો ને એમાં પછી એમ થાય કે આને.... એવું બધું નહી અને **એ સ્થાન એક જ છે. જેમાં જે આપો એ સંપૂર્ણ આપો અને એ ભગવાનનું સ્થાન છે પછી એ નરનારાયણદેવના આશરો હોય, હનુમાનજી દાદાનું શરણ હોય, જે પણ ભગવાનનું શરણ હોય એ શરણમાં જ્યારે આપણે જઈએ ત્યારે નિષ્કપટ થઈને જેવા છીએ એવા ઉભા રહેવાનું. જોડા કાઢીએ એ ભેગું બધુ કાઢી ઉઘાડા થઈ જવાનું એટલે કે નિષ્કપટ થઈ જવાનું. બ્રહ્માનંદ સ્વામીએ ગાયુ છે ને કે, અધમ ઉધ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરધર, અવિચળ ટેક તમારી રે. જેવો તેવો તોય પુત્ર તમારો, અણસમજું અહંકારી રે પેટ પડ્યો તે અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે.** તમે વિચાર કરો, નંદસંતોએ આવું લખ્યું છે. તમે અધમ ઉદ્ધારક છો. હું તો અણસમજુ છું, અહંકારી છું, સ્ટુપિડ છું, ઈડિયટ છું, ડફોળ (અણસમજું) છું . અને આપણે કોલર ઉંચા કરીને ફરીએ છીએ. આ વાસ્તવિકતા છે. તમને નથી કહેતો. મારા માટે કહું છું. ઉપદેશ નથી આપતો. ઉપદેશ હાંભળે એવું નથી કોઈ દુનિયામાં. આપણને જરૂર છે. ઉપદેશકોને પોતે પોતાની જરૂર છે. મારા સ્વભાવ મારે સુધારવાના છે. **વિચાર કરો, નંદ સંતો કેટલા પારદર્શક હશે. ટ્રાન્સપરન્સીની આ વાત છે. ભગવાનના સમયમાં કેટલા પારદર્શક સંતો કે ભગવાનને એમ કહી દે કે હું અહંકારી છું, સ્વભાવથી હાવ ભંગાર થઈ ગયો છું. પણ રાખજો મને, આપણે જ્યારે ભગવાનની આગળ જઈએ ત્યારે એવા થવાનો પ્રયત્ન કરવાનો છે.** એ હું માનું છું.

ભાગ્યશાળી છીએ આપણે, ગર્વ કરીએ, **આ પવિત્ર ભૂમિની અંદર જ્યાં અયોધ્યાપ્રસાદજી દાદાએ ભજન કર્યું, જે પ્રણાલિકાથી આજે આ લીલતોરી દેખાય છે. દેશ વિભાગના લેખની અંદર જે પણ વ્યવસ્થા થઈ એમાં સ્વામિનારાયણ ભગવાને આપણને નરનારાયણદેવ આપ્યા, સૌ પહેલું અમદાવાદ મંદિર આપ્યું, અયોધ્યાપ્રસાદજી દાદા આપ્યા. આપણે જેમની આગળ ૦..... અનંત Zero નેતિ Zero પછી One મૂકીએ એમાં હું ના આવી શકું પણ આજે આપણે એના આશ્રયમાં, એના સ્થાનમાં બેઠા છીએ. વિચાર કરો, હંમેશા ભગવાનના ધ્યાન પરાયણ, જોડે રહેલા, હરેલા, ફરેલા, જમેલા. એમણે જે ભગવાનની પ્રતિષ્ઠા કરી હશે એ ભગવાનનું દૈવત કેવું હશે ?** એને ન્યાય આપવાનો છે આપણે. ભગવાનને ન્યાય કેવી રીતે આપી શકીએ આપણે? ભગવાનને ન્યાય ના આપી શકીએ. આપણી જાતને ન્યાય આપવાનો છે. **નરનારાયણદેવના થઈને રહીએ, સ્વામિનારાયણ ભગવાનના થઈને રહીએ. કુવિચાર આવે નહી એવો પ્રયત્ન કરીએ. શિક્ષાપત્રીનો સમૈયો આવે છે ત્યારે ભગવાનના થઈને રહીએ એનાથી મોટી ઉપલબ્ધિને પ્રાપ્તિ નથી.**

શા. સ્વામીની સેવા અઢળક છે. કથાવાર્તાનું અંગ છે. દેશ વિદેશમાં સેવા અને અમદાવાદની મહંતાઈ કરી છે. બીજી કેટકેટલી સેવા છે. વખાણ નથી કરવાના પણ છે એ છે. વખાણ કરીને આભૂષણ કરવાનું એ બધુ ખરાબ લાગે પણ જેઓ કથા વાર્તા કરે છે. સંતોનો ધર્મ છે કથાવાર્તાએ કરીને હરિભક્તોનું પોષણ કરવું અને હરિભક્તોએ અન્નવસ્ત્રે કરીને પુરું કરવાનું જે પણ એમનું ધ્યાન રાખવાનું સંતોનું. એમણે શિષ્યો કર્યા છે એ પણ કથાવાર્તાના અંગવાળા છે. રામ સ્વામી, જ્ઞાન સ્વામી, ન્યુઝિલેન્ડ જવાનું છે ને તમારે જ્ઞાન સ્વામી ? નક્કી થઈ ગયું, ડૉ. સાહેબ ઉઠાવી જ જાવ એમને. **કથાવાર્તાએ કરીને પોષણ થાય આ સત્સંગનું એ મહારાજનું વચન છે.** શા. સ્વામી, કાયમ આવા આયોજન થતા રહે. જ્યારે જરૂર પડે ત્યારે કહી જ દેવું, ચિંતા જ નથી. ગોઠવી જ દેવું. આવું બધું ગમે જ

છે. **જેટલું ભગવાન પરાયણ કામ થાય એ જ લાભનું છે.** ભલેને લાડવા ખાય, વ્યવસ્થા થઈ જશે. ફુલવડી ખૂટી જાય તો ફરી બનાવીશું. ચિંતા નહી કરવાની. મને મન તો થયું એક ફુલવડી ખાવાનું, મારી સામે જ પડી, ઉઠાવી ને ખાઈ લઉં ? પણ ના, ના, બધાની સામે ક્યાં પાછું ? કોઈ જુએ તો કહે આ મહારાજશ્રીના ઠેકાણાં જ નથી. નજીકથી જે સંતો હરિભક્તો જાણે છે એ જાણે જ છે, ના ખબર હોય એને ખબર પડે, બીજું શું થાય. એક જ થીયરી છે મારી પાસે. નજીક જે આવે તેની કંઠી કાંતો તુટી જશે, કાં તો હાવ પાકા થઈ જશે. બે જ આવે છે, કાળું છે અને ધોળું છે. ગ્રે મેટર નથી આવતી. Seriously વાત કરું છું. ડૉ. સાહેબ. **ના પાલવે તો મૂકી દે કંઠી, આપી દે જે પહેરાવનારા છીએ અને અમે જ લેનાર છીએ.** બીજાને પહેરાવીશું કોઈ એવો મળે તો અમારે એટલું મેન્ટેનન્સ ઓછું. ગુરુ થવું જ નથી ગુરુ થવામાં ટેન્શન વધી જાય. શાંતિગ્રામમાં કીધું હતું. **ગુરુ થવામાં માલ નથી, ભગત થવામા મોટી ઉપલબ્ધિ છે. એના માટે પ્રયત્ન કરવાનો છે.**

બધા એકત્રિત થયા. સેવા કરી, લાભ લીધો, અનેકાનેક ધન્યવાદ છે. સંતો મોટી સંખ્યામાં રોજ આવતા હતા. હું જોતો હતો. **પ્રસંગોપાત નહી પણ એમનમ જ્યારે પણ અહીંથી નીકળ્યા હો ત્યારે અવશ્યપણે હનુમાનજી દાદાનું દર્શન કરીને જવું.** કારણ કે મહારાજની આજ્ઞા છે.

दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्तमनि ।
प्रणम्य तानि तद्देवदशनं कार्यमादरात् ॥

રસ્તામાં જતા શિવાલયાદિક દેવ મંદિર આવે તો દર્શન કર્યા વિના, નમસ્કાર કર્યા વિના હડહડાટ નીકળી જવું નહી. ઉતરીને આદર થકી દર્શન કરવું. હા, રોડ પચાવવા બનાવ્યું હોય, ભારત દેશમાં ભાત ભાતના મંદિરો હોય. રોડ કપાત આવતી હોય ને પછી શિવલીંગ મૂકી દે ને કહે, આ તો સ્વયંભૂ છે. પણ એવું નહી. **ખબર હોય કે આ પ્રસાદીના ભગવાન છે. આ દેવનું મંદિર છે, આ નરનારાયણદેવ તાબાનું મંદિર છે, આ મૂળ સંપ્રદાયનું મંદિર છે, આ ઓથેન્ટીક મંદિર છે તો આપણે અવશ્યપણે દર્શન કરવું.** ભલે દર્શન કરીને તરત જ નીકળી જાવ. હમણા દિવાળી આવશે, પાંચમ સુધી દુઃખી થઈનેય જવું પડે છે ને ! પછી ઓટોમેટીક મન જાગે. સંબંધ તો એવી રીતે જ કેળવાય છે ને !

દિવાળીમાં પાછા વહેલા વહેલા મળીશું. બધા ના મળીએ, In Case ઘણા બહાર ગયા હોય એટલે નવા વર્ષના રૂડા આશીર્વાદ નરનારાયણદેવ સૌને પાઠવે. આપણે તો આ નવા દિવસો જ કહેવાય. **રાજ મારે દિન દિન દિવાળી, વહાલા મળતા તમને વનમાળી. બ્રહ્માનંદનો વહાલો મારે દાડે દાડે દિવાળી. મળીએ ત્યારે દિવાળીને ના મળીએ ત્યારે હોળી.** પ્રગટાવી દેવી, હળગાવી દેવી. એક ગામમાં ગયા. અમૂક ગામમાં સંતો આરતી લઈને ઉભા હોય, નવા નવા હરિભક્તો હોય, નવા નવા અનુભવ થાય, મઝા આવે. Interesting હોય. હળગાવવાની ના હોય. દુનિયામાં આટલું બધુ હળગે છે બધે. ઓછું છે ? તે અહીં આરતી હળગાવીએ ! પણ **આપણા જેવી શાંતિ દુનિયામાં નથી. નરનારાયણદેવનો આશરો છે, આજ આપણું સુખ છે. સંપત્તિ છે. ભગવાનના થઈને રહેજો.** ભગવાન સૌનું ભલુ કરે, મંગળ કરે, આપના પરિવારનું મંગળ કરે એવા હનુમાનજી દાદા આશીર્વાદ આપે, મહારાજ, નરનારાયણદેવ બધા એક જ છે. ખૂબ આશીર્વાદ પાઠવે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

## તા. ૧૫-૧૨-૨૦૨૫ શ્રી નરનારાયણદેવ દેશના ત્યાગી પંચની મિટિંગના ઠરાવ નં. ૧

**શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરુપદાસજી ગુરુ ધ્યાની સ્વામી હરિસ્વરુપદાસજી, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, કલોલ અંગે સ્થાનિક હરિભક્તો તેમજ દેશ-વિદેશના અનેક હરિભક્તો તરફથી સંપ્રદાયના સિધ્ધાંત વિરૂદ્ધ ચાલતી પ્રવૃત્તિ અંગે વારંવાર ફરિયાદ આવેલ છે. જેનાં થકી સંપ્રદાયને તેમજ શ્રી નરનારાયણદેવ દેશને લાંછન લાગે છે. આ અંગે શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરુપદાસજીને અનેકવાર લેખિત જાણ કરવામાં આવી છતાં તેમના તરફથી સંતોષકારક જવાબ મળ્યો નથી. તેમજ તેઓએ દેશ વિદેશમાં જે કાંઈ પ્રોપર્ટી-સંસ્થા ઉભી કરી છે તેની કોઈપણ આજ્ઞા તથા પરવાનગી કાલુપુર મંદિર - આચાર્ય મહારાજશ્રી કે ટ્રસ્ટી મંડળની લીધી નથી તેમજ તે અંગે કોઈ વાતચીત કે લખાણ આપ્યું નથી. આજરોજ સુધી તેમના વર્તનમાં કોઈ ફેરફાર થયેલ નથી. તેથી હવે આ બાબતે વિચારવાનું રહેતું નથી. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરુપદાસજી અને તેમના સંત-પાર્ષદ મંડળનું નામ આજથી અમદાવાદ મંદિરના ત્યાગી પત્રકમાંથી કમી કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની કાર્યવાહી કરવા માટે ત્યાગી પંચના સભ્યો દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ટ્રસ્ટ બોર્ડને વિનંતી કરવામાં આવે છે.**

શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા**
**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી**
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન**
**દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.**

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી ડિસેમ્બર-૨૫

| | |
|---|---|
| તા. ૦૭-૧૨-૨૦૨૫ | અ.નિ. પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પુણ્ય સ્મૃતિમાં ભગવતીબા ઠક્કર પરિવાર - હ. ગૌતમભાઈ ઠક્કર સેટેલાઈટ - પ્રે. શા. સ્વામી પૂ. હરિપ્રિયદાસજી સે-૨૩ ગાંધીનગર. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી ડિસેમ્બર-૨૫

| | |
|---|---|
| તા. ૦૫-૧૨-૨૦૨૫ | પ.ભ.શ્રી કોકિલાબેન રમેશચંદ્ર મારફતીયા - હ. રાજન રમેશચંદ્ર મારફતીયા - અમેરિકા. |
| તા. ૧૦-૧૨-૨૦૨૫ | પ.ભ.શ્રી પ્રવિણ અરજણ હાલાઈ - કેન્યા |
| તા. ૧૪-૧૨-૨૦૨૫ | પ.ભ.શ્રી રોનકકુમાર માધવલાલ પટેલ (સોખડાવાળા) - ઘાટલોડિયા. |
| તા. ૨૧-૧૨-૨૦૨૫ | પ.ભ.અ.નિ. નિરવકુમાર દિલીપભાઈ આદેસરા (શિયાણીવાળા) પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે - હ. હિયાન નિરવકુમાર - માણેકચોક. |
| તા. ૨૩-૧૨-૨૦૨૫ | પ.ભ.શ્રી ખુશી નિહલ કાનજી હિરાણી - ઓસ્ટ્રેલીયા. |
| તા. ૨૫-૧૨-૨૦૨૫ | પ.ભ.શ્રી શૈલેષભાઈ જગમોહનદાસ પારેખ - મુંબઈ |
| તા. ૨૮-૧૨-૨૦૨૫ | પ.ભ.શ્રી ગોવિંદભાઈ રામદાસ પટેલ પરિવાર - ડાંગરવાવાળા - હ. ઈલેશ તથા કૃણાલ પટેલ - હા. થલતેજ. |
| તા. ૨૮-૧૨-૨૦૨૫ | પ.ભ.શ્રી જ્ઞાન મૃગેશકુમાર પટેલ - ઝુલાસણવાળા - હા. અમેરિકા. |
| તા. ૩૧-૧૨-૨૦૨૫ | પ.ભ. શ્રી હરિશભાઈ નારણભાઈ રાઘવાણી - બળદિયા - હાલ લંડન-યુ.કે. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ ભેટની યાદી ડિસેમ્બર-૨૦૨૫

| | |
|---|---|
| રૂા. ૧,૨૧,૦૦૦/- | પ.ભ. ડૉ. ભાસ્કરભાઈ વ્યાસ - હ. પ.ભ. કલ્પનાબેન ભાસ્કરભાઈ વ્યાસ - અમદાવાદ. |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ.અ.નિ. હર્ષદરાય વિરંચીલાલ ઠાકર - ગાંધીનગર - કઠલાલના ડોસી પૂ. રામબાના વંશજો ગં.સ્વ. કોકિલાબેન, અ.સૌ. સોનલ, માનવ, જવલિત, નેહા તથા નિરવ. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**કારતક સુદ-૧** પ.ભ. કમલેશભાઈ નટવરભાઈ (પડુસ્મા), અ.નિ. દિનેશભાઈ લાલજીભાઈ કાત્રોડીયા (રાજકોટ), પ.ભ. ડૉ. મનીષકુમાર શાંતિલાલ મહેતા (સેઠવડાળા). **કારતક સુદ-૩** પ.ભ. દક્ષેશભાઈ રમેશભાઈ પટેલ (ઉનાવા), અ.નિ. કાનજી નારણ હિરાણી (ગોડપર-કચ્છ). **કારતક સુદ-૪** પ.ભ. શ્યામ ઉર્વિશ ચૌધરી પ્રથમ જન્મ દિને, પ.ભ. રમીલાબેન મનુભાઈ પટેલ (પોર), પ.ભ. લીલાબેન હરિભાઈ વઘાસીયા (માધાપર-કચ્છ), અ.નિ. વસુમતીબેન બચુભાઈ સોની (અમદાવાદ), ચિ. યસ્વીના જન્મ નિમિત્તે (અમદાવાદ). **કારતક સુદ-૫** પ.ભ.અ.નિ. કમળાબેન પ્રહલાદભાઈ પ્રજાપતિ (ઓડ), પ.ભ. જય મહેન્દ્રભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ રામભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. સુરેશભાઈ અંબાલાલ પટેલ (ઝુંડાલ), પ.ભ. નરેશભાઈ પચાણભાઈ ચાવડા (વઘાડા), પ.ભ. વિયાન ઉમેશભાઈ રામાણી (અમદાવાદ), પ.ભ.અ.નિ. પાનબાઈ લક્ષ્મણ વરસાણી (મદનપર-કચ્છ), પ.ભ. સહજ હરિ નીર (દેવપુરા), પ.ભ. દિપકકુમાર ચિમનલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. અમૃતલાલ હરિલાલ રાઠોડ (અમદાવાદ). **કારતક સુદ-૬** પ.ભ.અ.નિ. હિરજી નારણ હાલાઈ (ભુજ-કચ્છ), એક હરિભક્ત (અમદાવાદ), પ.ભ. અવની નિરજકુમાર પટેલ (ડેમાઈ), પ.ભ.અ.નિ. ધનજી રામજી રાબડીયા (વાડાસર-કચ્છ), લુણાવાડા પદયાત્રા સંઘ, પ.ભ. મંજુબેન લાલજી વરસાણી (મદનપુર-કચ્છ), પ.ભ.અ.નિ. વાઘજીભાઈ માધવદાસ પટેલ, પ.ભ.અ.નિ. હિંમતભાઈ એલ. પટેલ (પચ્છમ). **કારતક સુદ-૭** પ.ભ. જીગરભાઈ પ્રહલાદભાઈ પટેલ (આજોલ), પ.ભ. મિત ભાવસાર. **કારતક સુદ-૮** પ.ભ. શિવાભાઈ બેચરદાસ પટેલ (વિહાર), પ.ભ.અ.નિ. વાઘજીભાઈ માધવદાસ પટેલ, પ.ભ. કનુભાઈ કાછીયા (અમદાવાદ), પ.ભ. મધુકાંતભાઈ ફુલાભાઈ (અમદાવાદ). **કારતક સુદ-૯** પ.ભ. લખીબાઈ કેસરા (ફોટડી-કચ્છ), પ.ભ. પ્રેમજી રામજી કારા (રામપર-કચ્છ), પ.ભ. હેપીબેન મૌલિકકુમાર હરેશભાઈ પટેલ (ધમાસણા). **કારતક સુદ-૧૦** પ.ભ. કેસરા રામજી (ફોટડી-કચ્છ), પ.ભ. હિરાલાલ માણેકલાલ પાટડીયા (અમદાવાદ). **કારતક સુદ-૧૧** પ.ભ. આશિષભાઈ ચંદ્રકાંત દોશી (અમદાવાદ). **કારતક સુદ-૧૨** પ.ભ. દર્શન મહેન્દ્રકુમાર પાઠક (અમદાવાદ), પ.ભ. હિતેષભાઈ નરભેરામ ઠક્કર (મુદ્રા-કચ્છ), પ.ભ. કમલેશભાઈ બી. શાહ (અમદાવાદ), પ.ભ. ગાંડાભાઈ જુગલદાસ પટેલ (સોલા-અમદાવાદ), પ.ભ. શાંતિભાઈ નાથાભાઈ (જાનવડ), પ.ભ. સ્વર યોગેશકુમાર પટેલ (ડાંગરવા), પ.ભ. ભારતીબેન લાલભાઈ સોની (અમદાવાદ), પ.ભ. પ્રવિણભાઈ કરશનભાઈ પાધરા (સુખપર-કચ્છ), પ.ભ. શારદાબેન (અમદાવાદ), ધરમ એક્ષપોર્ટ (સુરત). **કારતક સુદ-૧૪** પ.ભ. ખુશાલી વેદાંતકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. પ્રિયા રવિકુમાર લીંબાચીયા (અમદાવાદ), **કારતક સુદ-૧૫** પ.ભ. પ્રકાશભાઈ નાનજીભાઈ પટેલ (અખીયાણા), પ.ભ. શિવજી રત્ના પાધરા (સુખપર-કચ્છ), પ.ભ. રૂષિ કરશનભાઈ રાઘવાણી (અમદાવાદ), પ.ભ. જીતભાઈ રમેસભાઈ પૂજારા (ધોળકા), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. મેહુલ જગદીશ ઠક્કર (મુંબઈ), પ.ભ. દિનેશભાઈ હરજીવનભાઈ પટેલ (અમદાવાદ).

**કારતક વદ-૧** પ.ભ. કલાતીબેન ન્યાલચંદભાઈ ઠક્કર (અંજાર-કચ્છ). **કારતક વદ-૨** પ.ભ. સ્નેહલ કનુભાઈ ટાંક (બોડકા-હાલાર), પ.ભ.અ.નિ. જયશ્રીબેન કુમુદચંદ્ર પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. કંકુબેન મોહનભાઈ (મકાખાડ). **કારતક વદ-૩/૪** પ.ભ. તેજેસકુમાર મગનભાઈ પટેલ (બોદાલ), પ.ભ.અ.નિ. કાળુભાઈ ગોવિંદભાઈ ગજેરા (અમદાવાદ), પ.ભ. વિક્રમભાઈ ધૂળાભાઈ પટેલ (ચાંદખેડા). **કારતક વદ-૫** પ.ભ. અમિતભાઈ કાંતિભાઈ પ્રજાપતિ (ગાંધીનગર), પ.ભ. ઈન્દ્રવદનભાઈ રાવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મૌલિન દશરથભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. રાજેશભાઈ નરસિંહભાઈ સિંગાળા (નિકોલ), પ.ભ. કિશોરભાઈ શાહ (અમદાવાદ), પ.ભ. જય ઘનશ્યામભાઈ નટવરભાઈ પટેલ (ઉનાવા), પ.ભ.અ.નિ. મહેન્દ્રકુમાર બાબુભાઈ ગાંધી (અમદાવાદ), પ.ભ.અ.નિ. લક્ષ્મીબેન શામજી પિંડોરીયા (નારણપર-કચ્છ), ગં.સ્વ. ધનબાઈ નારણ હિરાણી (માનકુવા-કચ્છ). **કારતક વદ-૬** પ.ભ. હિરલબેન રવિભાઈ રૂપારેલીયા (મુંબઈ), પ.ભ. હરેશ વિશ્રામ વાલાણી (બળદીયા-કચ્છ), પ.ભ. અભિષેક રમેસભાઈ ખીચડીયા (અમદાવાદ). **કારતક વદ-૭** અ.નિ. મૂળજી કરસન રૂપાલીયા (સુખપર-કચ્છ). **કારતક વદ-૯** પ.ભ. અ.નિ. ધનજી દેવજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. હર્ષ જીતેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. રવજીભાઈ ધનજીભાઈ વાટલીયા (અમદાવાદ). **કારતક વદ-૧૦** પ.ભ. પ્રવિણભાઈ રવજીભાઈ મેપાણી (સુખપર-કચ્છ). **કારતક વદ-૧૨** પ.ભ. ધીરજભાઈ ધનજી રાબડીયા (વાડાસર-કચ્છ), પ.ભ. નગીનદાસ કે. રાણા (અમદાવાદ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), પ.ભ. દિપીકાબેન ગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હસુમતીબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ), પ.ભ.અ.નિ. સેજલબેન તપનકુમાર પટેલ (ધમાસણા), પ.ભ.અ.નિ. પ્રવિણભાઈ બેચરભાઈ (અમદાવાદ), પ.ભ. સોમાણી પરિવાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. ભરતભાઈ ધનજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જયેન્દ્રભાઈ રમણલાલ આદેસરા (અમદાવાદ), પ.ભ. ઈશા પટેલ (બામણગામ), પ.ભ. સતીષભાઈ દ્વારકાદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. ડાહ્યાભાઈ મણીભાઈ પટેલ (સોજા), પ.ભ. અભિષેક સંજયભાઈ વાગડીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. સવિતાબેન પરસોતમભાઈ વેકરીયા (અમદાવાદ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર). **કારતક વદ-૧૩** પ.ભ. શાંતાબેન હરિદાસ પટેલ (ધરોળા), પ.ભ. બાબુભાઈ કાંતિભાઈ પટેલ (વડુ), પ.ભ. મયંક કામદાર (લીલાનંદ મેગ્ને.) (પોરબંદર), પ.ભ.અ.નિ. રજનીકાંતભાઈ શાંતિલાલ ઠક્કર (નાસિક). **કારતક વદ-૧૪** પ.ભ. વિશ્રામ મૂળજી હિરાણી (માનકુવા-કચ્છ), પ.ભ. હર્ષિદાબેન અશોકભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દિપકભાઈ નટવરલાલ મીસ્ત્રી (બાવળા), પ.ભ. ઘનશ્યામભાઈ લાલજીભાઈ પટેલ (વાવોલ). **કારતક વદ-૩૦** પ.ભ. મેધા નિમિતકુમાર જાની (અમદાવાદ), અ.નિ. સ્વામી હરિકૃષ્ણદાસજી પ.ભ. યોગેશભાઈ પટેલ (ગોત્રી-વડોદરા), પ.ભ. કેસરબાઈ લાલજી હિરાણી (માનકુવા-કચ્છ)

શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો **સમૈયો** 23-1-2026 - 27-1-2026

# ॥ નિમંત્રણમ્ ॥



॥ શ્રી નરનારાયણ દેવ ॥



॥ શ્રી સ્વામિનારાયણ ભગવાન ॥

॥ શ્રી હરિ વિજયતે ॥

સ્વસ્તિ શ્રી દેશ દેશના ત્યાગી ગૃહી બાઈ-ભાઈ સમસ્ત સત્સંગી જોગ શ્રીનગર-અમદાવાદ મહાશુભસ્થાને બિરાજમાન ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણ ભગવાનના ચરણકમળ સમીપથી શ્રી નરનારાયણદેવ દેશ પીઠસ્થાન થી લિખિતન ધર્મકુળના શુભાશિર્વાદ સહ જય સ્વામિનારાયણ વાંચશો।

જત જણાવવાનું કે અમારા દાદા અને આપણાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંવત ૧૮૮૨માં સમસ્ત માનવજાત માટે દીવાદાંડી રૂપ શિક્ષાપત્રી સ્વહસ્તે લખી હતી તે કલ્યાણકારી પ્રસંગને આ વર્ષે ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે। તે અવસરને સંભારી રાખવા જીવનનો કલ્યાણકારી **સમૈયો** વિ.સં.૨૦૮૨ મહા સુદ-૫ તા.૨૩-૧-૨૦૨૬ ને શુક્રવાર થી મહા સુદ-૯ તા. ૨૭-૧-૨૦૨૬ને મંગળવાર પર્યન્ત ભવ્યતાથી ઉજવાશે તેમાં હજારો સંતો-ભાઈઓ હરિભક્તો ભેળા મળી શ્રીજી મહારાજને પ્રસન્ન કરવા સેવા અને સત્સંગના અનેકાનેક ઉપાયો કરશે। તો **સમૈયો** નો લ્હાવો લેવા આપ સૌને પધારવા હેતે કરીને નિમંત્રણ પાઠવીએ છીએ।

આચાર્ય મહારાજશ્રીની સાક્ષ્ય

મોટા મહારાજશ્રીની સાક્ષ્ય

લાલજી મહારાજશ્રીની સાક્ષ્ય

ધર્મકુળ પરિવાર

શ્રી નરનારાયણદેવ દેશ પીઠસ્થાન

# ॥ મંગલ કાર્યક્રમ ॥

## તા. ૨૩-૦૧-૨૦૨૬, શુક્રવાર, મહા સુદ-૫

સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - મૂળી

| | | |
|---|---|---|
| સવારે ૫-૩૦ | : | ........મંગળા આરતી |
| સવારે ૫-૩૦ | : | ........પંચોપચાર પૂજન (યજમાનો દ્વારા) |
| સવારે ૬-૩૦ | : | ........અભિષેક (ધર્મકુળના વરદ્ હસ્તે) |
| સવારે ૮-૩૦ | : | ........શણગાર આરતી તથા અન્નકૂટ આરતી. |
| સવારે ૯-૦૦ | : | ........પ્રાસંગિક સભા |
| સવારે ૧૦-૩૦ | : | ........રંગોત્સવ |

સ્થળ : મહોત્સવ સ્થળ (પર્વ ઉત્સવ ગ્રાઉન્ડ)

| | | |
|---|---|---|
| બપોરે ૨-૦૦ થી ૪-૦૦ | : | ........કથાના મુખ્ય યજમાન તથા સંહિતાપાઠના યજમાનો દ્વારા પોથીયાત્રા (પ્રભા હનુમાનજીથી) |
| સાંજે ૪-૦૦ થી ૪-૩૦ | : | ........મહોત્સવ ઉદ્ઘાટન વિધિ (રંગારંગ કાર્યક્રમ) |
| સાંજે ૪-૩૦ થી ૫-૦૦ | : | ........આચાર્ય સ્થાપન મંદિર, A.I. ટેકનોલોજી બેઝ થી શિક્ષાપત્રી એકઝીબીશન - પ્રદર્શન - બાળ નગરી - ઓર્ગેનિક ફૂડકોર્ટ - શિક્ષાપત્રી મંદિર - પંચદેવ મંદિર - સભા મંડપ. |
| સાંજે ૫-૩૦ થી ૬-૩૦ | : | ........દીપ પ્રાગટ્ય, કથા પ્રારંભ, વસંત પંચમી શિક્ષાપત્રી પૂજન. |
| સાંજે ૬-૩૦ થી ૭-૦૦ | : | ........પ્રાસંગિક સભા ઉદ્બોધન, ધર્મકુળના આશીર્વચન, |
| સાંજે ૭-૦૦ | : | ........પ્રસાદ. |
| રાત્રે ૮-૩૦ | : | ........સાંસ્કૃતિક કાર્યક્રમ - આદિત્ય ગઢવી. |

## તા. ૨૪-૦૧-૨૦૨૬, શનિવાર, મહા સુદ-૬

સ્થળ : કાલુપુર મંદિર

| | | |
|---|---|---|
| સવારે ૫-૩૦ | : | મંગળા આરતી |
| સવારે ૭-૦૦ | : | શણગાર આરતી |
| સવારે ૭-૦૦ થી ૮-૦૦ | : | વાઘાના યજમાનો તથા અન્નકૂટ યજમાનો દ્વારા ઠાકોરજીનું પૂજન |
| સવારે ૮-૩૦ | : | અન્નકૂટ આરતી. |

સ્થળ : મહોત્સવ સ્થળ (પર્વ ઉત્સવ ગ્રાઉન્ડ)

| | | |
|---|---|---|
| સવારે ૮-૦૦ | : | સ્થાપન પૂજન. |
| સવારે ૯-૦૦ | : | કથા પ્રારંભ, - યજ્ઞશાઓળા - મહા પૂજા મંડપ - વેદશાળા - મંત્રકુટીર - મેકઈન ઈન્ડિયા - સોલર ફાર્મ - વેસ્ટ રીસાઈકલ ઉદ્ઘાટન વિધિ. |
| સવારે ૯-૧૫ | : | મહા પૂજા તથા યજ્ઞ પ્રારંભ |
| બપોરે ૧૧-૦૦ | : | પ્રાસંગિક સભા - મહેમાનશ્રીનું સ્વાગત ઉદ્બોધન તથા યજમાનશ્રીઓનું સન્માન. |
| બપોરે ૧૨-૦૦ | : | મેકઈન ઈન્ડિયાના ઔદ્યોગિક સાહસવીરોનું સન્માન |
| બપોરે ૧૨-૩૦ | : | પ્રસાદ |

| | | |
|---|---|---|
| બપોરે ૨-૩૦ થી ૩-૩૦ | : | લાઈફ સ્ટાઈલ હેલ્થ સેમીનાર |
| બપોરે ૩-૩૦ | : | કથા પ્રારંભ. |
| સાંજે ૫-૩૦ | : | પ્રાસંગિક સભા ઉદ્‌બોધન, ધર્મકુળના આશીર્વચન. |
| સાંજે ૭-૦૦ | : | પ્રસાદ |
| રાત્રે ૮-૩૦ | : | સાંસ્કૃતિક કાર્યક્રમ - અતુલ પુરોહિત (ગરબા) |

## તા. ૨૫-૦૧-૨૦૨૬, રવિવાર, મહા સુદ-૭

### સ્થળ : કાલુપુર મંદિર

| | | |
|---|---|---|
| સવારે ૫-૩૦ | : | મંગળા આરતી |
| સવારે ૭-૦૦ | : | શણગાર આરતી |
| સવારે ૭-૦૦ થી ૮-૦૦ | : | વાઘાના યજમાનો તથા અન્નકૂટ યજમાનો દ્વારા ઠાકોરજીનું પૂજન |
| સવારે ૮-૩૦ | : | અન્નકૂટ આરતી. |

### સ્થળ : મહોત્સવ સ્થળ (પર્વ ઉત્સવ ગ્રાઉન્ડ)

| | | |
|---|---|---|
| સવારે ૮-૦૦ | : | સ્થાપન પૂજન. |
| સવારે ૯-૦૦ | : | કથા પ્રારંભ. |
| સવારે ૯-૧૫ | : | મહા પૂજા તથા યજ્ઞ પ્રારંભ |
| બપોરે ૧૧-૦૦ | : | દેશના સંરક્ષકોનું સન્માન (આર્મી, નેવી, એરફોર્સ, પોલીસ) - મહેમાનશ્રીનું સ્વાગત ઉદ્‌બોધન તથા યજમાનશ્રીઓનું સન્માન. |
| બપોરે ૧૨-૩૦ | : | પ્રસાદ |
| બપોરે ૨-૩૦ થી ૩-૩૦ | : | મહિલા મંચ |
| બપોરે ૩-૩૦ | : | કથા પ્રારંભ. |
| સાંજે ૫-૩૦ | : | પ્રાસંગિક સભા ઉદ્‌બોધન, ધર્મકુળના આશીર્વચન. |
| સાંજે ૭-૦૦ | : | પ્રસાદ |
| રાત્રે ૮-૩૦ | : | સાંસ્કૃતિક કાર્યક્રમ - હાર્દિક દવે |

## તા. ૨૬-૦૧-૨૦૨૬, સોમવાર, મહા સુદ-૮

### સ્થળ : કાલુપુર મંદિર

| | | |
|---|---|---|
| સવારે ૫-૩૦ | : | મંગળા આરતી |
| સવારે ૭-૦૦ | : | શણગાર આરતી |
| સવારે ૭-૦૦ થી ૮-૦૦ | : | વાઘાના યજમાનો તથા અન્નકૂટ યજમાનો દ્વારા ઠાકોરજીનું પૂજન |
| સવારે ૮-૩૦ | : | અન્નકૂટ આરતી. |

### સ્થળ : મહોત્સવ સ્થળ (પર્વ ઉત્સવ ગ્રાઉન્ડ)

| | | |
|---|---|---|
| સવારે ૮-૦૦ | : | સ્થાપન પૂજન. |
| સવારે ૯-૦૦ | : | કથા પ્રારંભ. |
| સવારે ૯-૧૫ | : | મહા પૂજા તથા યજ્ઞ પ્રારંભ |

| | | |
|---|---|---|
| બપોરે ૧૧-૦૦ | : | પ્રાસંગિક સભા - મહેમાનશ્રીનું સ્વાગત ઉદ્‌બોધન તથા યજમાનશ્રીઓનું સન્માન. |
| બપોરે ૧૨-૩૦ | : | પ્રસાદ |
| બપોરે ૨-૩૦ થી ૩-૩૦ | : | શ્રી નરનારાયણદેવ બાળ-બાલિકા મંડળ તથા શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ (દેશ ભક્તિ અધ્યાય) |
| બપોરે ૩-૩૦ | : | કથા પ્રારંભ. |
| સાંજે ૫-૩૦ | : | પ્રાસંગિક સભા ઉદ્‌બોધન, ધર્મકુળના આશીર્વચન. |
| સાંજે ૭-૦૦ | : | પ્રસાદ |
| રાત્રે ૮-૩૦ | : | સાંસ્કૃતિક કાર્યક્રમ - સહજાનંદ ચરિત્રમ્ (લાઈવ શો) |

## તા. ૨૭-૦૧-૨૦૨૬, મંગળવાર, મહા સુદ-૯

### સ્થળ : કાલુપુર મંદિર

| | | |
|---|---|---|
| સવારે ૫-૦૦ | : | મંગળા આરતી |
| સવારે ૫-૩૦ | : | પંચોપચાર પૂજન (યજમાનો દ્વારા) |
| સવારે ૬-૩૦ | : | અભિષેક (ધર્મકુળના વરદ્ હસ્તે) |
| સવારે ૯-૩૦ | : | શણગાર આરતી તથા અન્નકૂટ આરતી. |

### સ્થળ : મહોત્સવ સ્થળ (પર્વ ઉત્સવ ગ્રાઉન્ડ)

| | | |
|---|---|---|
| સવારે ૮-૦૦ | : | સ્થાપન પૂજન. |
| સવારે ૯-૩૦ | : | કથા પ્રારંભ. |
| બપોરે ૧૧-૦૦ | : | કથા સમાપન - પ્રાસંગિક સભા - મહેમાનશ્રીનું સ્વાગત ઉદ્‌બોધન તથા યજમાનશ્રીઓનું સન્માન. |
| બપોરે ૧૨-૩૦ | : | પ્રસાદ |

## મહોત્સવ સ્થળ

## 'પર્વ' ગ્રાઉન્ડ, પ્રભા હનુમાનજી પાસે, જમીયતપુરા, અમદાવાદ


www.swaminarayan.in info@swaminarayan.in

Daily Darshan Whatsapp no. +91 9909 967104

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "આદર બધાનો આશ્રય એકનો"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

જીવનમાં 'સંગ' બહુ મહત્વની વસ્તુ છે. સંગના પ્રભાવથી બચી શકાતુ નથી. કુસંગરૂપી પશુથી બચવાનુ છે. એક ક્ષણનો 'કુસંગ' બધા કરેલા 'સત્સંગ' ઉપર પાણી ફેરવી દે છે. ખેડૂત હોય છે એ આખું વર્ષ મહેનત કરે પછી 'ફસલ' આવે ત્યારે કોઈ જાનવર આવીને બધુ ખતમ કરી દે છે. એવું કેમ થાય છે ? બરાબર વાડ ના કરી હોય, ધ્યાન ના રાખ્યું હોય એને બેદરકારી કહેવાય. અસાવધાનીને લીધે થોડીક મિનિટોમાં આખા વર્ષની કરેલી મહેનત ઉપર પાણી ફરી વળે છે. એવી રીતે આખી જીંદગી સત્સંગ કર્યો હોય, ખૂબ મહેનત કરી હોય પણ એક ક્ષણનો કુસંગ કરેલા સત્સંગ ઉપર પાણી ફેરવી દે છે. પછી શું થાય છે ? આધ્યાત્મિક ઉન્નતિમાં અવરોધ આવશે અને આપણે હતોત્સાહિત થઈ જઈએ છીએ. **કેમ હતોત્સાહિત થઈએ છીએ ? કેમ કે જ્યારે આધ્યાત્મિક ઉન્નતિમાં 'અવરોધ' આવે છે ત્યારે એવું લાગે છે કે આટલું સાધન કર્યા પછી પણ 'જ્યાં હતા ત્યાં જ રહ્યા' એવો વિચાર 'ઉત્સાહ' ઓછો કરી દે છે.** માટે સત્સંગનું પણ ખૂબ જતન કરવું પડે છે. પોતાના જ વાંકને લીધે કરેલી બધી મહેનત નિષ્ફળ જાય છે. માટે કુસંગથી દૂર રહેવું ખૂબ જરૂરી છે. કોઈને રોગ થયો હોય અને ડોકટરે આપી હોય એમ બધી દવા લઈએ તો પણ રોગ જાય નહિ તો માણસ નિરાશ થઈ જાય છે. એટલી હદ સુધી કંટાળી જાય છે કે દવા ખાવી જ નથી. પણ એમાં શું થાય છે કે દવા સાથે પરહેજ પણ કરવું પડે, અમુક વસ્તુથી દૂર રહેવું પડે તો જ દવાની જોઈએ એવી અસર થાય છે. એવી રીતે આપણે ભજન-ભક્તિ, સાધના બધુ કરતા હોય તો અમુક વસ્તુથી દૂર રહેવું જ પડે છે. તો જ આપણને જે લાભ જોઈએ છે એ મળે છે. **કેવી રીતે સંગ કરવો ? કોનો સંગ કરવો ? એમા તમે સ્વતંત્ર છો. નિર્ણય તમારો જ છે.** ધારો કે તમે અહિંયા સભામાં આવો છો તો તમને કોઈ હાથ પકડીને પરાણે લાવે છે ? કે તમારે આવવું જ પડશે. તમારે ઘેર આરામ કરવો છે કે કાંઈ ખરીદી કરવા જવું છે કે અહિંયા સત્સંગ-સભામાં આવવું છે એ નિર્ણય તમારો જ છે. સારા વિચાર પણ સત્સંગ જ છે. **અહિંયા સત્સંગમાં આવવાની 'સદ્બુધ્ધિ' આવે ત્યારે ભગવાનની 'કૃપા' જ કહેવાય. સારા વિચારો આવે ભગવાન તરફ જવાની ઈચ્છા થાય એ ભગવાનની 'કૃપા' સિવાય કાંઈ હોઈ શકે જ નહિ.** પણ આપણને એવો ખ્યાલ નથી આવતો અમુક નાની બાબતોનો આપણે અનુભવ નથી કરી શકતા. એ કરવો જોઈએ. સત્શાસ્ત્રો વાંચતા હોય ત્યારે તમને કોઈ સારી પ્રેરણા અંદરથી થાય તો એ **સત્શાસ્ત્રોના રૂપમાં ભગવાન આવે છે. ભગવાનને કાંઈ જોઈતું જ નથી. ભગવાનને એક તમારો ભાવ જોઈએ. એનાથી જ ભગવાન રાજી થાય છે.**

ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે માર્ગને વિષે ચાલતા શિવાલયાદિક જે દેવ મંદિર આવે તેને જોઈ નમસ્કાર કરવા તથા તે દેવના આદર થકી દર્શન કરવા (શ્લોક-૨૩) દેવતાની નિંદા ન કરવી તથા ન સાંભળવી (શ્લોક-૨૧) એવી રીતે ભગવાને દેવી દેવતાનું સન્માન કરવાનું શીખવ્યું છે. એ બરાબર પણ આદર અને આશ્રય બન્ને જુદી વસ્તુ છે. **આદર બધાનો આશ્રય એકનો'** ભગવાને અનાદર નહિ કરવાનું શીખવ્યું છે. એનો અર્થ એ છે કે દેવી-દેવતા આપણા કરતા શ્રેષ્ઠ છે. એમના પાસે દિવ્ય શક્તિઓ છે. જેમ પતિવ્રતા સ્ત્રીને જે ભાવ પતિમાં હોય છે તે ભાવ બીજા પુરુષમાં નથી હોતો. **એમ 'આદર' બધા દેવદેવીનો કરવાનો પણ 'આશ્રય' એક નરનારાયણદેવનો રાખવાનો. બધા ભગવાનના દર્શન કરી શકાય પણ નિષ્ઠા તો આપણા એક ઈષ્ટદેવની જ હોવી જોઈએ. એમ 'અનન્ય' ભક્તિ એટલે ભગવાન સિવાય બીજું કાંઈ નહિ. અન્ય કાંઈ નહિ તેને 'અનન્ય' કહેવાય** અને એવું પણ નહિ રાખવાનું કે સંસાર પણ જોઈએ અને ભગવાન પણ જોઈએ. બન્ને સાથે થઈ શકે નહી. એક જ વસ્તુ હોવી જોઈએ તો શું કરીએ ? સંસારમાં રહેવું તો પડે આવ્યા જ છીએ તો અનન્યતા કેવી રીતે રહે ? એવું રાખવાનું કે ભગવાનને કહેવાનું કે **'આપ' આખી સૃષ્ટિના નિર્માતા**

**છો અને આપના દ્વારા આ જગતમાં આ શહેરમાં આ ઘરમાં મને જે જવાબદારી સોંપાઈ છે તેને નિભાવવા માટે હું 'સક્ષમ' છું. કેમ કે આપ મને 'સદ્‌બુદ્ધિ' અને 'બળ' આપો છો. એના માટે હું આપને 'ધન્યવાદ' આપું છું. અને એ જવાબદારી નિભાવતા નિભાવતા હંમેશા એક જ ધ્યેય હું રાખીશ કે હું આપને રાજી રાખી શકું.** આપ જ સનાતન સત્ય છો. એના સિવાય બીજું કાંઈ સત્ય છે જ નહિ. આપ કણકણમાં વ્યાપ્ત છો. આપણે રોજ નિત્ય-નિયમમાં ગાઈએ છીએ ને કે

'રે શ્યામ તમે સાચું નાણું' એમાં આવે છે ને 'રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠું સુખ જાણીને વગોવ્યું,

મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું.... રે શ્યામ.....

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી જેવા સમર્થ સંત કે જેમને આ સત્સંગમાં 'મા'નું બિરુદ આપવામાં આવ્યું છે. તેમણે આપણને સંશોધન કરીને આપી દીધું છે કે કીડીથી લઈને સત્યલોકમાં બ્રહ્માજી છે ત્યાં સુધી બધે જ જોયું કોઈપણ જગ્યાએ સાચું સુખ નથી. મહારાજના ચરણો સિવાય પછી આપણે વિચારવાની જરૂર જ ક્યાં છે. માટે દરેક ક્રિયામાં ભગવાનનું અખંડ સ્મરણ કરવાનું અને અખંડ સ્મરણ એટલા માટે કરવાનું કે જવાબદારી નિભાવતા નિભાવતા આપણે આ સંસારમાં ક્યાંય આસક્ત ના થઈ જઈએ અને આપણને અખંડ સ્મરણ રહેતું નથી તેનું કારણ એ છે કે **આપણો આધાર મજબૂત નથી. કોઈપણ વસ્તુ બનાવવી હોય તો આધાર તો જોઈએ ને હવામાં કાંઈ બની જતું નથી. અખંડ સ્મરણનું આધાર છે, કોઈપણ 'ઈચ્છા' 'અપેક્ષા' અને 'કામના' વગરનું મન એટલી હદ સુધી કામના રહિત થવા પ્રયત્ન કરવાનો કે 'મોક્ષની કામના પણ નહિ કરવાની'**. બરાબર છે કે આપણું જીવન મુક્તિ માટે જ છે. છતાં પણ ગમે તે સત્‌કાર્ય કરો તેને મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ કરી રહી છું. એવી અપેક્ષા પણ નહિ રાખવાની. **માત્ર આપનો રાજીપો પ્રાપ્ત કરી શકું એવુ બળ મને આપજો એ જ અપેક્ષા રાખવાની.** ભગવાન રાજી થશે તો કાંઈ માગવાની જરૂર જ નહિ પડે. એક વાર્તા છે ને કે એક રાજા હતા એમણે એવી જાહેરાત કરી કે કાલે સવારે રાજમહેલમાં આવીને જે વ્યક્તિ જે વસ્તુ ઉપર હાથ મૂકશે એ વસ્તુ એની થઈ જશે. **એક નાનું બાળક આવ્યુ અને એણે રાજાની ઉપર જ હાથ મુકી દીધો !** તો રાજા એના થઈ ગયા. મતલબ જ્યારે રાજા એના થયા તો સ્વાભાવિક જ છે કે રાજાની સંપત્તિ રાજાનું રાજ્ય જે કાંઈ હતુ તે બધુ બાળકનું થઈ ગયું. બધુ આપોઆપ મળી ગયું. **એવી રીતે આપણે નરનારાયણદેવના ચરણ પકડી લઈશું તો બધુ આપોઆપ મળી જશે. કાંઈપણ માગવાની જરૂર નહિ પડે.** અને ભગવાન પાસે જેવા છીએ એવા જ જવાનું, દરેક વ્યક્તિમાં ગુણ અને દોષ હોય જ છે. સર્વગુણ સંપન્ન એક ભગવાન સિવાય બીજું કોઈ છે જ નહિ. ભગવાન બધુ જાણે છે. બધુ જોઈ રહ્યા છે. દસ-પંદર મિનિટ દરરોજ શાંતિથી બેસી જવાનું અને ઈમાનદારીથી તમારા વિચાર 'સંકલ્પ-વિકલ્પ' ઉપર વિશ્લેષણ કરવાનું. એવો આગ્રહ નહિ રાખવાનો કે મારે આવા વિચારો જ કરવા છે. સહજતાથી અંદર જે જે વિચારો આવે તેને આવવા દેવાના પછી બધુ લખી લેવાનું પછી જે વિચાર આવ્યા હોય તેનું 'આત્મવિશ્લેષણ' કરવાનું અર્થાત્ ઉંડો વિચાર કરવાનો કે મારામાં 'કામ', 'ક્રોધ', 'મોહ', 'લોભ' શું પડેલુ છે. શેના કારણે મને આવા વિચાર આવે છે. પોતાની જાત પ્રત્યે એ રીતે ઈમાનદારી રાખી નક્કી કરવાનું તો દસ મિનિટમાં તમને પોતાને ખબર પડી જશે કે તમે કેટલામાં છો ? તમારી અંદર શું છે ? પછી ભગવાનને પ્રાર્થના કરવાની કે મને આ વસ્તુ નડે છે. એને દૂર કરવાની મને શક્તિ આપો એમ ભગવાન પાસે શક્તિ મંગાય એનો વાંધો નહિ. અને ગમે તેવી વિપત્તિ આવે તો પણ કાંઈ ગભરાવાની જરૂર નથી. **આઠ આઠ આયુધ ધારણ કરીને નરનારાયણદેવ ઉભા છે. એમના શરણમાં આપણે છીએ. ભગવાન જે તીવ્ર પ્રારબ્ધ છે તેને પણ સહેલું કરી દે છે. જરૂર છે માત્ર આપણી સાચી શરણાગતિની.** બિલાડી હોય છે તે પોતાના બચ્ચાને ઉપાડે છે તો એવી રીતે ઉપાડે છે કે ને એકેય દાંત વાગવા દેતી નથી. અને એ જ દાંત વડે ઉંદરને પકડીને ખાઈ જાય છે. એવી રીતે ભગવાન પોતાના આયુધ વડે અસુરોનો નાશ કરે છે. અને પોતાના ભક્તોની રક્ષા કરે છે. આપણને એવા ભગવાન મળ્યા છે કે જેમના લોકોને દર્શન કરવા પણ નથી મળતા અને આપણને આઠ-દસ કલાક એમના સાંનિધ્યમાં બેસવા મળે છે. **ખરેખર આખા બ્રહ્માંડમાં કોઈને જે સુખ નથી મળ્યું એ આપણને મળ્યું છે. તમે જેટલું ઈચ્છો એટલું નરનારાયણદેવના સાંનિધ્યમાં બેસી શકો છો. એવી કૃપા ભગવાને કરી છે.** ભગવાનની કૃપા તો સાગરની જેમ સતત વહેતી જ હોય છે. સાગરમાં કેટલું

અગાધ પાણી હોય છે પણ તમે જેવડું પાત્ર લઈને જાઓ એટલું તમને મળે છે. કહેવાનો અર્થ છે કે જેટલી પાત્રતા હશે તેટલી કૃપા મળશે.

●

**વિશ્વાસ**

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

વિશ્વાસ એટલે ભરોંસો. ભરોસો એટલે કે આ વાત સાચી જ છે એવી જે દ્રઢ પ્રતીતિ. વિશ્વાસ એટલ કે રાત કહેતો રાત અને દિવસ કહે તો દિવસ. પરંતુ તેમાં સંશય ન થાય તેનું નામ વિશ્વાસ.

વિશ્વાસ એવી શક્તિ છે જે માનવીને જીવિત રાખે છે. વિશ્વાસ નો અભાવ જ જીવનનું અવસાન છે. ભગવાનમાં વિશ્વાસ મૂકવો અથવા ભગવાનના વચનમાં વિશ્વાસ મુકવાથી આધ્યાત્મિક જીવનનો વિકાસ થાય છે. અવિશ્વાસ એ અધ્યાત્મ માર્ગની હત્યા છે. વિશ્વાસ એ અશક્ય ને શક્ય બનાવે છે. સાધનાની સફળતાનો આધાર વિશ્વાસ હોય છે.

એકલવ્યે ગારાની મૂર્તિમાં વિશ્વાસ મૂક્યો કે આ મારા ગુરૂ જ છે તો તેની સાધના સફળ થઈ. ભગવાનની મૂર્તિ ન તો લાકડાની છે કે ન તો પથ્થરની કે આરસની છે. તે તો વિશ્વાસની મૂર્તિઓ છે. અર્થાત્ સાધક એ મૂર્તિમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને સાધના કરતો હોય છે. ત્યારેજ તેની સાધના સફળ થાય છે. પ્રાચીન ધર્મ કહે છે કે ભગવાનમાં વિશ્વાસ નથી કરતો તે જ નાસ્તિક છે.

ભૌતિક જગતમાં વિશ્વાસ ખૂબ જરૂર છે. તેમજ મોક્ષના માર્ગમાં પણ વિશ્વાસની ખૂબજ જરૂરીયાત છે. ભૌતિક શરીરને ટકાવી રાખવા જેમ શ્વાસની જરૂર છે તેમ અધ્યાત્મ માર્ગને ટકાવી રાખવા વિશ્વાસની ખૂબજ જરૂર છે. જેણે શ્વાસ ગુમાવ્યો તેણે સર્વ ગુમાવ્યું તેમ મોક્ષના માર્ગમાં જેણે ભગવાનનો વિશ્વાસ ગુમાવ્યો તેણે સર્વ ગુમાવ્યું. **વિશ્વાસ એ જીવન છે ને અવિશ્વાસ એ મૃત્યુ છે.**

સારગંપુરના નવમાં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, સંતનો તથા પરમેશ્વરનો અતિ દ્રઢ વિશ્વાસ હોય તો ગમે તેવા તામસી કર્મ હોય તો પણ તેનો નાશ થઈ જાય છે. અને કળિયુગના ધર્મ મટીને સત્યુગના ધર્મ વર્તે છે. પરંતુ પ્રગટ ભગવાન હોય અથવા પ્રગટ ધર્મકૂળ કે સંત હોય ત્યારે તેના વચનમાં વિશ્વાસ આવતો નથી. મોક્ષના માર્ગમાં જેને દ્રઢ વિશ્વાસ છે અથવા ભરોંસો છે તે જ શ્રેષ્ઠ છે.

લોકો ૧૦૦ રૂપિયાના તાળા ઉપર વિશ્વાસ મૂકે છે. પરંતુ ભગવાન ઉપર વિશ્વાસ રાખતા નથી. એક માણસ મંદિરમાં આવી ભગવાનની મૂર્તિ સામે ઉભો રહી કીર્તન ગાતો હતો. જે **"તારો ભરોંસો મને ભારી."** અચાનક ઉભો થયો. થોડીવાર થઈ એટલે પાછો આવ્યો ને કીર્તન ગાવા લાગ્યો જે **"તારો ભરોસો મને ભારી."** ત્યારે બાજુમાં ઉભેલા એક ભાઈએ પૂછ્યું કેમ ભગત ઓચિંતા ભાગ્યા હતા ? ત્યારે કીર્તન ગાનારો કહે, ઘરે જોવા ગયો હતો તાળું માર્યું છે કે નહિ. કીર્તન ગાય છે ભરોંસાનું પણ અંદરથી ભરોંસો નથી. માટે વિશ્વાસ શ્વાસની જેમ જીવન બની જાય ત્યારે જ ભગવાન તેની રક્ષા કરે છે.

ભરવાડણને રામ નામમાં વિશ્વાસ હતો તો નદી તરી ગઈ અને કથાકાર વિશ્વાસની વ્યાખ્યા સુંદર કરતો હતો. પણ અંદરથી વિશ્વાસ નહી તેથી ડુબી ગયો. માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે અચલ ભરોંસો ભગવાનનો જોઈએ.'' અંદરથી અચલ ભરોંસો હોવો જોઈએ. હ્દયથી દ્દઢ વિશ્વાસ હોવો જોઈએ. જો ભગવાનનો અતિ દ્દઢ વિશ્વાસ હોય તો તેને મૃત્યુનો ભય રહેતો નથી.

શ્રીજી મહારાજે લોયાના બીજા વચનામૃતમાં કહ્યું છે. અરે ! કારિયાણીના વચનામૃતમાં તો ત્યાં સુધી કહ્યું છે કે ગમે તેવો કામી હોય, ક્રોધી હોય, લંપટ જીવ હોય અને જો ભગવાનની વાતનો વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે તો તેના સર્વે વિકાર માત્ર ટળી જાય છે. વિશ્વાસી એમ સમજતો હોય જે આવા મોટા સંત તથા ભગવાન જે વાત કહે છે તે એમ જ છે. પણ તેમાં કોઈ સંશય નથી એવો જે વિશ્વાસું ભક્ત છે તેજ શ્રેષ્ઠ છે.

વિશ્વાસી એજ શ્રેષ્ઠ છે. વચનામૃત ગ.અ. ૧૪ માં શ્રીજી મહારાજે કહ્યું છે જે શિવાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે. બે પ્રકારના બુદ્ધિમાન પુરૂષ છે. તેમાં એક તો જેમ પરમેશ્વર કહે તેમજ માની લે એવો વિશ્વાસી છે. અને બીજો તો પરમેશ્વરના વચન હોય તો પણ જેટલું માનવું ઘટે તેટલું જ માને છે. આ બે પ્રકારના ભક્તમાં ક્યો શ્રેષ્ઠ છે. આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજી મહારાજ કહે છે વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે. તે રામકથામાં રામચન્દ્રજીએ કહ્યું છે કે, જે મારે દ્દઢ વિશ્વાસ રહે તેની માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરૂં છું. આમ શ્રીજી મહારાજનો મત છે કે ભગવાન તથા સંતના

વચનમાં જે વિશ્વાસ રાખે છે તે જ ભક્ત શ્રેષ્ઠ છે. અવિશ્વાસ સાધકને સાધનાના માર્ગમાં અડચણ આવે છે. સાધના કરવામાં ઉત્સાહ જાગતો નથી. ધ્યાન, માળા વિગેરે પોતે કરતા હોય તેમાં પોતાને જ સંશય થાય છે. હું આ કરૂં છું પણ મારૂં કલ્યાણ થશે કે નહિ એવો અવિશ્વાસ હોય તો સાધના કરવામાં મન લાગતું નથી. તેથી પૂરી સફળતા મળતી નથી. માટે અવિશ્વાસનો ત્યાગ કરી પૂર્ણ વિશ્વાસથી સાધનાના માર્ગમાં આગળ વધવું.

કેરિયા ગામના ભાણા સગર હરિભગત જુનાગઢ દર્શન કરવા આવેલા. થોડા દિવસ રોકાયા. સંતનો સમાગમ કર્યો. કથા-વાર્તા સાંભળી પછી પોતાને ઘેર જવા તૈયાર થઈ સ્વામી પાસે રજા લેવા આવ્યા. સ્વામીને દંડવત પ્રણામ કરી કહ્યું કે સ્વામી રજા લઉં છું. રાજી રહેજો. ત્યારે સ્વામી કહે ભાણા ભગત ઘરે પહોંચ્યા પછી મંદિરના નળિયા ચાળી લેજો. વરસાદ થશે. ભાણા ભગતને સ્વામીનો ખૂબજ વિશ્વાસ. તેથી પોતાના ગામ આવી બીજા જ દિવસે નળિયા ચાળવા માટે મંદિર ઉપર ચડ્યા. ત્યાં એક સંત આવેલા. તે કહે ભાણા ભગત નળિયા નથી ચાળવા. ત્યારે ભાણા ભગત કહે સ્વામી ! વરસાદ થાય તો તમારે તકલીફ ન પડે તેથી નળિયા ચાળી દઉં. ભગત ક્યાં વરસાદ થવાનો છે ? આકાશમાં વાદળું પણ નથી માટે વરસાદ નહી થાય. પરંતુ ભાણા ભગતને વિશ્વાસ તેથી તેણે તો નળિયા ચાળી નાખ્યા ને થોડા નળિયા ઘટ્યા તો ઘરેથી લાવીને પૂરા કર્યા. જેવું કામ પુરૂ થયું કે તરત જ વરસાદ ખૂબ વરસ્યો. તેથી જ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે જેને મોટા સાધુનો વિશ્વાસ હશે તેનું પાધરૂં પડશે. વિશ્વાસ હોય તેને બધી વાતું મનાય.

તુલસીદાસે રામાયણમાં લખ્યું છે કે ‘‘બિનુ વિશ્વાસ ભગતિ નહિ. બ્રહ્માનંદ સ્વામીએ પણ કહ્યું છે કે **‘‘જો હોય હિંમત રે નર ને ઉરમાંહી ભારી દઢતા જોઈ ને રે તેની મદદ કરે મોરારી.** જેમ શ્વાસ હોય તો શરીર ટકે તેમ વિશ્વાસ હોય તો હરિ મળે. પ્રભુમાં વિશ્વાસ, ને હિંમતમાં જીવવું એ જ સાચું ભક્તપણું છે. ભગવાન સિવાયનું બધું જ ભૂલી જવું ને એક ભગવાનમાંજ ખોવાઈ જવું. તેનેજ ભગવાન પામ્યા કહેવાય.

●

**બદ્રિકાશ્રમ**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ-કડી)

(શ્રીહરિ વનવિચરણ ગતાંકથી ચાલું)

વર્ણીરાજ હિમપ્રદેશમાં ચોમાસાની ઋતુમાં જ્યાં વરસાદની અને બરફની હેલી થાય છે. દામિનીઓ દમકે છે, રાક્ષસ-રાક્ષસીઓના ભયંકર અવાજો થઈ રહ્યા છે. ક્યાંક-ક્યાંક ભડાકા થાય છે. એની વચ્ચે કષ્ટ છે. એવો મનમાં જરા પણ વિચાર કર્યા વગર આગળ વિચરી રહ્યા છે. એમાં ફરતાં ફરતાં નરનારાયણદેવના આશ્રમમાં પહોંચ્યા છે. સુંદર મોટું ઘટાદાર વિશાળ બોરડીનું એક ઝાડ છે. તે બોરડીમાં નાળિયેર જેવડાં મોટાં મોટાં બોર લાગેલાં છે. તેની નીચે નરનારાયણદેવ ઋષિઓની સભામાં ઉપદેશ આપી રહ્યાં છે. વર્ણીરાજ આ સભામાં પધારતાં નરનારાયણ એકદમ ઉભા થયા અને ઋષિમુનિઓએ પોતાની પર્ણકુટિમાંથી નીકળી દોડી-દોડી ને સભામાં આવી આસન ગ્રહણ કર્યા છે નરનારાયણનાં પ્રતાપથી આ આશ્રમ નિર્ભય છે. જેથી સિંહ, સસલાં, સાપ, નોળિયા વેર ભૂલી એક સાથે રમી રહ્યાં છે. કુદરતી સૌંદર્ય અને નરનારાયણદેવની સુંદર કથાનું રસપાન કરી રહ્યાં છે. સંધ્યા સમય થયો છે. એટલે રાખની મશાલો સળગાવી છે. નીરવ શાંતિ છે જે ભક્તો આ શરીર છોડી સંકલ્પ સહિત જાય છે તેમને આ ધામમાં તપ કરવા રાખે છે. જે ત્યાગીઓએ નિષ્કામ રીતે તથા ધર્મામૃત મુજબ પાળવાના નિયમો ના પાળ્યા હોય તેને અહીં એક ઉપવાસ ના સો ઉપવાસ કરી ધામમાં મોકલે છે. એટલે કે અત્યંત નિર્વાસનિક થયા પછી જ પરમધામની પ્રાપ્તિ થાય છે. એટલે જેને પરમધામ પામવું હોય તેમણે અહીંજ નિષ્કામ બન્યા પછી જ ધામમાં જવાનો સંકલ્પ કરવો.

બદ્રીનાથથી બદ્રિકાશ્રમ જવા માટે આડી બરફની નદી આવે છે. જેને મનુષ્ય શરીરથી ઓળંગી શકતો નથી. ફક્ત એક સંતદાસજી જ સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છાથી ત્યાં પહોંચ્યા હતા. અને શ્રી વર્ણીરાજ ચાલીને આ જગ્યાએ ગયા હતા. આ નરનારાયણદેવનો આશ્રમ પાવનકારી છે. અને ઋષિમુનિઓએ સેવવા યોગ્ય છે. અને મરિચ્યાદિક રૂપી ઋષિમુનિઓ પણ આ સ્થાનમાં રહી તપ કરે છે. તપ કરવાથી આત્મા વિશુદ્ધ બને છે ને પરમધામને પામે છે.

નીરવૈરી બનો તો જ વાસના તૂટશે, વૈરીનું કલ્યાણ થતું નથી. (ક્રમશઃ)

# સમૈયો ના ઉપલક્ષમાં



### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમ (પોષ) સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી દર પૂનમે નિયમિત યોજાતી સત્સંગ સભા આ વખતે માગસર માસની પૂનમ તા. ૪-૧૨-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં યોજાઈ હતી. જેના યજમાન એક હરિભક્ત પરિવારે લાભ લીધો હતો.

આજની કથાના વકતા સ.ગુ.શા. સ્વા. સુવ્રતસ્વરૂપદાસજીએ સંગીતના મધુર તાલે ભગવાનના લીલા ચરિત્રનું પાન કરવામાં આવ્યું હતું. છેલ્લે યજમાન પરિવારે ધર્મકૂળની આરતી ઉતારી અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

### વિજય સ્તંભ સ્થાપન મહોત્સવ

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી અને સમગ્ર સંત મંડળની પ્રેરણાથી આપણા આગામી શિક્ષાપત્રી ૨૦૦ વર્ષના ''સમૈયો''ના શુભારંભ કરવા માટેનો પરંપરાગત વિજય સ્તંભ રોપણનો વિજય સ્તંભ સ્થાપન મહોત્સવ તા. ૧૪-૧૨-૨૦૨૫ રવિવારના સાંજના ૪-૦૦ કલાકે પ્રભા હનુમાનજી જમીયતપુરા પર્વ ગ્રાઉન્ડ ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. શ્રીરાજાના વરદ્ હસ્તે દબદબાપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગે અમદાવાદ દેશના નાના-મોટા મંદિરોના મહંત સ્વામી અને સંતો તેમજ હજારો હરિભક્તો પધાર્યા હતા. વિદ્વાન સંતોના પ્રવચન બાદ સમગ્ર ધર્મકૂળના રૂડા આશીર્વાદ સાથે પ્રસંગનું સમાપન થયું હતું. શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ સભાપતિનું સુંદર સંચાલન સંભળાવ્યું હતું. તમામ સંત-હરિભક્તો માટે સુંદર પ્રસાદ જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ દિવ્ય પ્રસંગના યજમાન પ.ભ. રણછોડભાઈ વિઠ્ઠલભાઈ પટેલ પરિવારે (કુડાસણવાળા- ગાંધીનગર સે-૧) લાભ લીધો હતો. (કોઠારી સ્વામી - અમદાવાદ)

### ''સમૈયો'' પત્રિકા લેખન

જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ ''સમૈયો'' નો ઉત્સાહ પણ વધતો ગયો. દરેક સત્સંગીના ઘરે આપણા દરેક ઉત્સવ-મહોત્સવોની આમંત્રણ પત્રિકા મોકલવાની પરંપરા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી (સ્વા. અંકના તમામ સભ્યો) શરૂ કરવામાં આવી છે.

આપણા આગામી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના સમૈયોની આમંત્રણ પત્રિકા લેખનનો શુભારંભ તા. ૧૫-૧૨-૨૦૨૫ પોષ સુદ-૧૧ એકાદશીના શુભ દિને ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ સમક્ષ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયો. ઠાકોરજી આગળ વિવિધ પ્રકારના કુદરતી ફુલોથી ભવ્ય સજાવટ કરવામાં આવી હતી. એજ રીતે પ્રસાદીના ભવ્ય સભા મંડપ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પાટ અને સમગ્ર સભા મંડપને વિવિધ કુદરતી ફુલોની સજાવટથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યો હતો. ''સમૈયો''ના મુખ્ય યજમાનો આજે સુંદર સાફા બાંધીને આપણા પરંપરાગત પોષાકમાં પધાર્યા હતા. તમામને ધર્મકુળના વરદ્ હસ્તે આમંત્રણ પત્રિકા આપવામાં આવી હતી. આજના પ્રસંગની આમ તો તમામ વિધિમાં વિશેષતા તો હતી જ પણ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા મુજબ આજે ખાસ એ વિશેષતા એ હતી કે આપણા તમામ શિખરબધ્ધ મંદિરો અને વડતાલ, ગઢપુર, જૂનાગઢ અને ધોલેરા આદિ મંદિરોમાં દરેક યજમાનો સ્વયં જાતે રૂબરૂ જઈ પત્રિકા આપી આમંત્રણ આપવા જશે. આવું સુંદર આયોજન જોઈ સમગ્ર ધર્મકૂળ અતિ રાજી થયું. પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપી ખૂબ રાજી અને પ્રસન્ન થયા હતા.

સ.ગુ. મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તેમના સંત મંડળે આખી રાત જાગીને આવું સુંદર આયોજન કર્યું હતું. શા. સ્વા. રામ સ્વામી (કોટેશ્વર)એ સુંદર સભા સંચાલન કર્યું હતું. આપણા દરેક ધામોધામથી સંતો-મહંતશ્રીઓ પધાર્યા હતા.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

### વિશ્વના સૌ પ્રથમ અમદાવાદ કાલુપુર મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં તા. ૧૬ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ પર્યન્ત સતત એક માસ સુધી ધનુર્માસ ધૂન મહોત્સવ પરંપરાગત રીતે ઉજવાયો.

પ્રાતઃ ૫-૩૦ થી રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ અને પ્રાતઃ ૬ થી ૬-૪૫ સુધી પ્રસાદીના સભામંડપમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન હજારો સંત-હરિભક્તો જ્યારે કરતા હોય ત્યારે સાક્ષાત્, શ્રી નરનારાયણદેવ ધૂનમાં બેસીને સૌ ભક્તો ઉપર અઢળક રાજી થતા હોય એવો માહોલ જોવા મળતો. ખાસ તો આજનો યુવા વર્ગ ધૂનમાં વધુને વધુ જોવા મળ્યો. ધૂનમાં અવાર-નવાર પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધારીને ધૂન બોલીને સૌને પ્રોત્સાહિત કરતા. એજ રીતે હવેલીમાં પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી રોજ ધૂનમાં પધારતા હતા. દરેક ભક્તોને ઠાકોરજીને ધરાવેલ વિવિધ પ્રસાદ સુંદર બોક્ષમાં વહેંચવામાં આવતો હતો. આખા માસની ધૂન કરાવનાર હરિભક્તોને ૨ કિલો અડદીયાના પ્રસાદના ૨ બોક્ષ સાથે શ્રી નરનારાયણદેવની તસવીરવાળું સુંદર કેલેન્ડર સુંદર બેગમાં ભેટ આપવામાં આવ્યું હતું. ૪ હજાર જેટલા હરિભક્તો માસિક ધૂનના યજમાન બન્યા હતા. દૈનિક ધૂન પાંચ હજાર ઉપરાંત હરિભક્તોએ કરાવી હતી.

સમગ્ર પ્રસાદની સેવામાં સ.ગુ. ભંડારી સ્વામી જયપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ હરિભક્તોએ આખો માસ સેવા કરી હતી. પ્રસાદ વિતરણમાં પણ ઘણા સેવાભાવી હરિભક્તોએ સેવા કરી હતી. તે સૌનું સભામાં સન્માન કરવામાં આવ્યું હતું. સંતો પણ મોટી સંખ્યામાં ધૂનમાં પધારતા હતા. સંગીત, તબલા, ઢોલકની ટીમે પણ આખો માસ સેવા બજાવી હતી. સભામંડપને ધજા, પતાકા અને સુંદર રોશનીથી શણગારવામાં આવ્યો હતો.

આ ધૂનનું વળગણ એવું હોય છે કે એકવાર આવે પછી આખો માસ આવે એજ આ મહામંત્ર ધૂનનું રહસ્ય છે. ''સમૈયો''ની પૂર્વ તૈયારી વચ્ચે પૂ. મહંત સ્વામી અને મંડળના સંતો ધૂનમાં અચૂક બેસીને પછી અન્ય કામ અર્થે જતા.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

**શિક્ષાપત્રી ૨૦૦ વર્ષના ''સમૈયો''ના ઉપલક્ષમાં અમદાવાદ મંદિરમાં ચિત્ર સ્પર્ધા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી આપણા આગામી ''સમૈયો''ના ઉપલક્ષમાં અનેકવિધ કાર્યક્રમો પૈકી બાળકો-બાલિકાઓની ''ચિત્ર સ્પર્ધા'' તા. ૨૮-૧૨-૨૦૨૫ રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે સવારના ૯ થી ૧૨ દરમ્યાન યોજાઈ. જેમાં ૨૦૦ જેટલા બાળકો-બાલિકાઓએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ પોતાની કલાનું સુંદર કૌશલ્ય બતાવ્યું હતું. આપણા શ્રી નરનારાયણદેવ પરિવારના પ્રખર આર્ટિસ્ટોએ નિરક્ષક તરીકે સેવા બજાવી હતી. પૂ. મહંત સ્વામીના સુંદર માર્ગદર્શનથી કોઠારી શા. સ્વા. નારણમુનિદાસજીએ સુંદર આયોજન કર્યું હતું.

તમામ સ્પર્ધકો અને વાલીઓને આપણા મંદિર દ્વારા પ્રસાદ જમાડવામાં આવ્યો હતો. (પ્રફુલ ખરસાણી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) જમાડીને જમીએ પ્રસાદમ્**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી ''સમૈયો'' ના ઉપલક્ષમાં વિધ વિધ પ્રવૃત્તિઓ પૈકી ''પ્રસાદમ્'' ભૂખ્યાને ભોજન વિતરણના ક્રમ પ્રમાણે તા. ૯-૧૧-૨૦૨૫ થી ૨૩-૧૧-૨૦૨૫ સુધી એપ્રોચ (બાપુનગર)નો ક્રમ હોવાથી શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી, કાલુપુર)ની પ્રેરણા અને એપ્રોચ મંદિરના મહંત શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજીના માર્ગદર્શનથી ૧૫ દિવસ સુધી દરરોજ ૨૧૨ ટિફિન જરૂરિયાત વાળા ભૂખ્યા જનોને પ્રસાદ જમાડવામાં આવેલ.

રસોડા વિભાગમાં તથા વિતરણમાં સેવાભાવી ભાઈઓ-બહેનો તથા યુવક મંડળે સેવા કરીને માનવતાનું દ્રષ્ટાંત પુરું પાડ્યું હતું. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)માં ૨૧૨ કલાકની ધૂન**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા મહંત શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજીની પ્રેરણાથી ''સમૈયો''ના ઉપલક્ષમાં તા. ૨૮-૧૧-૨૦૨૫ થી ૭-૧૨-૨૦૨૫ સુધી અખંડ ૨૧૨ કલાકની ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધૂન થઈ હતી.

ધૂનની પૂર્ણાહુતિની પ્રાસંગિક સભા પ્રસંગે કાલુપુર, અયોધ્યા, હરિદ્વાર, વડનગર, નાથદ્વારા, નારણઘાટ, કાંકરિયા વગેરે ધામોથી બ્રહ્મનિષ્ઠ સંતો પધાર્યા હતા. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) સહ દરેક વિદ્વાન સંતોએ શુભ આશીર્વચન પાઠવીને સત્સંગ પોષણ કર્યું હતું.

ધૂનમાં બેસનાર માટે સમયે સમયે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદકોલોની દ્વારા ભૂખ્યાને ભોજન પ્રસાદમ્**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી ''સમૈયો''ના ઉપલક્ષમાં કાલુપુર મંદિરના આયોજનથી સામાજિક સેવાના ભાગરૂપે આપણા જુદા જુદા મંદિરો દ્વારા ક્રમશઃ ૧૫-૧૫ દિવસ દરરોજ ૨૧૨ ભૂખ્યા જનોને ભોજન પ્રસાદ જમાડવામાં આવે છે. જે ક્રમમાં તા. ૨૪-૧૧-૨૫ થી ૮-૧૨-૨૫ સુધી પંદર દિવસ હર્ષદ કોલોની મંદિરમાં સેવાભાવી

બહેનો દ્વારા રસોઈ બનાવીને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સેવાભાવી હરિભક્તોના સહયોગથી ડિસ્પોઝેબલ ડિશોમાં પેક કરીને દરરોજ ૨૧૨ જરૂરિયાતમંદ વ્યક્તિઓ તેમજ જનરલ હોસ્પિટલમાં દર્દીઓને 'પ્રસાદમ્' નું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને 'સમૈયો'ના ઉપલક્ષમાં તેમજ જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં માત્ર અને માત્ર આપણા ઈષ્ટદેવને રાજી કરવા માટે શિક્ષાપત્રીની આજ્ઞાઓને અનુસરીને આપણા મંદિરો દ્વારા આવી માનવતા લક્ષી પ્રવૃત્તિઓ તેમજ ધાર્મિક પ્રવૃતિઓ સતત ચાલુ છે. ત્યારે આપણે સૌ તન, મન, ધન અને સમયથી તેમાં જોડાઈને ધન્યભાગી થઈએ. હાલમાં ભક્તજનો ધનુર્માસની પ્રાતઃકાળની ધૂનનો દિવ્ય લાભ લઈ રહ્યા છે.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી એવમ્ મહંત સ્વા. વિશ્વપ્રકાશદાસજી (નારણપુરા) તથા સમસ્ત સત્સંગ સમાજ કોચરબના આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ તા. ૧-૧૨-૨૦૨૫ થી તા. ૫-૧૨-૨૦૨૫ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજિવન પંચાન્હ પારાયણ શા. સ્વા. ચંદ્રપ્રકાશદાસજી (બીલીયા મહંતશ્રી) એ સંગીતના તાલે સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. આ પ્રસંગે ઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. જેના યજમાન પ.ભ. હિરેનભાઈ શાંતિલાલ પટેલ પરિવાર અને કથાના યજમાન પ.ભ. અ.નિ. વિમલાબેન જયંતીભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. જેતલપુરધામથી મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, જયપુર મહંત દેવ સ્વામી એ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારીશ્રી - કોચરબ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમરાઈવાડી ૩૮ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા તથા સ.ગુ. મહંત શા. સ્વા. અભિષેકપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. મહંત શા. સ્વા. નારાયણવલ્લભદાસજી (કાંકરિયા)ની પ્રેરણાથી કોઠારીશ્રી અને સર્વ સત્સંગ સમાજ અમરાઈવાડીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમરાઈવાડીનો ૩૮ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૪-૧૨-૨૦૨૫ ના રોજ ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ અને સમૈયોના ઉપલક્ષમાં ૨૦૦ મિનિટની મહામંત્ર ધૂન આદિ કાર્યક્રમ ભવ્યતાથી ઉજવાયા હતા. અમરાઈવાડીના સર્વે હરિભક્તોએ અલૌકિક લાભ લઈ ધન્ય બન્યા હતા. (શા.સ્વા. નારાયણવલ્લભદાસજી મહંતશ્રી અયોધ્યા-વડનગર)

**કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર "સમૈયો"ના ઉપલક્ષમાં ભવ્ય શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા કાંકરિયા મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. મહંત શા. સ્વામી નારાયણવલ્લભદાસજી (અયોધ્યા-વડનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ ખાતે તા. ૬-૧૨-૨૦૨૫ ના રોજ સાંજના ૬-૦૦ કલાકે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ સંપન્ન થયો. હજારો હરિભક્તો અને મોટી સંખ્યામાં સંતો ધામોધામથી પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ, કલોલ, જમીયતપુરા, સિધ્ધપુર, ઈડર, છપૈયા, અયોધ્યા, એપ્રોચ, બદ્રીનારાયણ આદિ ધામોધામના સંતોએ આપણા આગામી સમૈયોના ઉપલક્ષમાં શાકોત્સવ અને સમૈયોની વિવિધ સેવાઓ-પ્રવૃતિઓની જાણકારી આપી હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે કાંકરિયા મંદિરના મહંત સ્વામી અને તેમના ગુરુ મહંત સ.ગુ.શા. સ્વા. નારાયણવલ્લભદાસજી, (વડનગર) શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. (કોઠારીશ્રી - કાંકરિયા મંદિર)

**પ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા ભવ્ય શાકોત્સવ અને ૨૧૨ મિનિટની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી, કાલુપુર)ની પ્રેરણાથી સ.ગુ. મહંત શા. સ્વા. દેવપ્રકાશદાસજી (તીર્થધામ ઉનાવા) તથા સમસ્ત સત્સંગ સમાજ ઉનાવાના સુંદર આયોજન દ્વારા મહાપ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા ખાતે તા. ૧૪-૧૨-૨૦૨૫ ના રોજ ભવ્ય શાકોત્સવ અને ૨૧૨ મિનિટની અખંડ ધૂન સવારે ૬-૩૦ થી ૧૦-૩૦ સુધી કરી હતી. આ પ્રસંગે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી અને ધામોધામથી પધારેલા સંતોએ શાકોત્સવનો વઘાર કરી આગામી આપણા સમૈયો મહામહોત્સવની વિશેષ જાણકારી આપી હતી. ઉનાવા ગામ અને આજુબાજુના ગામના હરિભક્તોએ ધૂન-શાકોત્સવનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (રવિ (સૌમિલ) કાંતિભાઈ પટેલ -ઉનાવા)

**શ્રી સ્વામિનારાયણ નવાવાડજ (ભાઈઓ-બહેનોનું) પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ સમસ્ત સત્સંગ સમાજ - શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સુંદર આયોજનથી નવા વાડજ ભાઈઓના મંદિરનો ૬૫ મો પાટોત્સવ અને બહેનોના મંદિરનો બીજો વાર્ષિક પાટોત્સવ તા. ૩-૧૨-૨૦૨૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં શ્રી શિક્ષાપત્રી ભાષ્ય ત્રિદિનાત્મક રાત્રીય પારાયણ સ.ગુ. શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ના વક્તાપદે સંગીતના મધુર તાલે થઈ હતી, પાટોત્સવના મુખ્ય યજમાન નવાવાડજ કૃષ્ણનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, શોભાયાત્રા, પારાયણના યજમાન અ.નિ. હિરજી દાદા પટેલ પરિવારે લાભ લીધો હતો. ધામોધામથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે ડાયાબિટિસ અને બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કર્યું હતું. નવા વાડજ મંદિરમાં સમૈયોના ઉપલક્ષમાં દર માસના પ્રથમ રવિવારે સુંદર સત્સંગ સભા થાય છે. જેમાં કાલુપુર મંદિરથી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી ગુરુ મહંત સ્વામી સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી સંત મંડળ સાથે પધારી કથાવાર્તાનો લાભ આપે છે. (સ્વામી દિવ્યસ્વરૂપદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ (કટકીયાવાડો)**

ભગવાન શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ (કટકીયાવાડો)નો ૧૩૬ મો પાટોત્સવ માગસર સુદ-૧૧ તા. ૧-૧૨-૨૦૨૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. પ્રાતઃ શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક જનમંગલ હોમાત્મક પાઠ, ગીતા જયંતી નિમિત્તે શ્રીમદ્‌ભાગવતનું પૂજન આદિ શા.સ્વા. કૂંજવિહારીદાસજી (સિધ્ધપુર-ખાણ મહંત)એ હરિભક્તો સાથે કરીને પ્રેરક પ્રવચન કર્યું હતું.

(પ્રકાશભાઈ સોની - પાટણ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આંત્રોલી ૧૭ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી એવમ્ અ.નિ. સ.ગુ. ભંડારી દાદા જાનકીવલ્લભદાસજી (પોરડા)ના દિવ્ય આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વા. ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા-પોરડા)ના માર્ગદર્શનથી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના ''સમૈયો''ના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર આંત્રોલીનો ૧૭ મો વાર્ષિક પાટોત્સવ અને તેના ઉપલક્ષમાં શિક્ષાપત્રી ભાષ્ય રાત્રીય ત્રિદિનાત્મક કથા સ.ગુ. મહંત શા. સ્વા. વાસુદેવચરણદાસજી (બદ્રિનાથ મહંત)ના વક્તાપદે તા. ૫ થી ૭ ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન અ.નિ. જસુભાઈ જેઠાભાઈ પટેલ, અ.નિ. પરસોતમભાઈ ડી. અને પ.ભ. મનુભાઈ દેસાઈભાઈ પટેલ પરિવાર યજમાન પદે રહ્યા હતા. હરિભક્તોએ દેવદર્શન, કથા શ્રવણ, સંતોની પ્રેરક વાણીનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય થયા હતા.

(કોઠારીશ્રી - આંત્રોલી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિસનગર (સોસાયટી વિસ્તાર) શિલાન્યાસ એવમ્ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) તથા સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (મહંતશ્રી અયોધ્યા)ની પ્રેરણાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (સોસાયટી વિસ્તાર) તથા વિસનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સુંદર આયોજનથી તા. ૨૧-૧૨-૨૦૨૫ ના રોજ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર વિસનગર (સોસાયટી વિસ્તાર)નો શિલાન્યાસવિધિ અને ભવ્ય શાકોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયા. આ પ્રસંગનો લાભ હજારો હરિભક્તોએ લીધો હતો. પ્રાસંગિક સભામાં ધામોધામના સંતોના સમૈયોની રૂપરેખા સાથેના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી, વિસનગર)

**બોપલ-વણઝર શ્રી સ્વામિનારાયણ મંદિર ''સમૈયો'' અંતર્ગત પ્રવૃત્તિઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી વણઝર-બોપલ મંદિરના સંત-હરિભક્તો દ્વારા ''સમૈયો'' અંતર્ગત પ્રવૃત્તિઓ : દર એકાદશીના સ.ગુ. ગોપાળાનંદ સ્વામી રચિત હોમાત્મક બીજમંત્ર, તા. ૨૪-૧૧-૨૦૨૫ વચનામૃત પાઠ, તા. ૧૩-૧૧-૨૦૨૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતે બાલ-બાલિકાની વક્તૃત્વ સ્પર્ધામાં બોપલના ૩૦ બાળકોએ લાભ લીધો હતો. દર રવિવારે બાળ સભા, પ.ભ. ચંદુભાઈ જાદવે ૨૦૦ જેટલા બાળકોને ટીર્શટ ભેટ, ૩૫૦ બાળકોને પ્રભાબેન મુકેશભાઈએ ભોજન, ૨૬-૧૧-૨૦૨૫ થી ૩૦-૧૧-૨૦૨૫ કોકીલાબેન પ્રજાપતિના યજમાનપદે વણઝર મંદિરના પાટોત્સવ નિમિત્તે હરિસ્મૃતિ કથા, તા. ૧૦-૧૨ થી ૧૪-૧૨-૨૫ રાત્રીય કથા આદિ સમગ્ર આયોજન ધ્યાનપ્રિય

સ્વામી અને ધર્મસુત સ્વામીની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું.
(પ્રવિણ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ પ્રાર્થના મંદિર કોટેશ્વર ૯ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી કાલુપુર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ પ્રાર્થના મંદિર કોટેશ્વરનો ૯ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ શ્રીહરિ સ્મૃતિ પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે તા. ૧૦-૧૨-૨૫ થી તા. ૧૪-૧૨-૨૫ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થઈ. આ પ્રસંગે પોથીયાત્રા, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ દર્શન, કથા, સંતોના દર્શન આદિ કાર્યક્રમ થયા હતા. ઘણા ભક્તોએ યજમાન બની સેવા કરી હતી. સભા સંચાલન સ.ગુ. કો.શા. સ્વા. નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું.
(ઘનશ્યામ સ્વામી - કોટેશ્વર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મેઉ શાકોત્સવ - કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વા. ગુરુપ્રસાદદાસજી, સ.ગુ. શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (મહંતશ્રી કલોલ-જમીયતપુરા)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મેઉ ખાતે સમૈયોના ઉપલક્ષમાં તા. ૨૮-૧૨-૨૦૨૫ થી તા. ૩૦-૧૨-૨૦૨૫ દરમ્યાન શ્રીહરિચરિત્રની કથા શા. સ્વા. સચ્ચિદાનંદજી (કાલુપુર)ના વક્તાપદે થઈ હતી.

તા. ૩૦-૧૨-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સૌ પ્રથમ મેઉ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી શાકોત્સવનો વઘાર કરી સભામાં બિરાજ્યા હતા.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી, શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી, મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી આદિ ધામોધામથી પધારેલા સંતોએ મેઉ ગામનો મહિમા અને આગામી ''સમૈયો'' મહામહોત્સવની સૌને જાણકારી આપી હતી.

સભા સંચાલન સ.ગુ. મહંત શા.સ્વા. ઉત્તમચરણદાસજી (કલોલ)એ કર્યું હતું.
(આનંદ સ્વામી - જમીયતપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ ૧૪ મો વાર્ષિક પાટોત્સવ - શ્રીમદ્ ભાગવત પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી ઉવારસદ મંદિર કોઠારીશ્રી તથા સત્સંગ સમાજના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદનો ૧૪ મો વાર્ષિક પાટોત્સવ એવમ્, શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજી (બાવળા - મહંતશ્રી)ના વક્તાપદે તા. ૨૫-૧૨-૨૦૨૫ થી તા. ૨૯-૧૨-૨૦૨૫ પર્યન્ત થઈ હતી.

ઘણા હરિભક્તોએ નાના-મોટા યજમાન બની સેવા કરી હતી. પાટોત્સવના યજમાન પ.ભ. અ.નિ. જસુભાઈ કમાભાઈ પટેલ પરિવાર અને શાકોત્સવના યજમાન અ.નિ. મંજુલાબેન ગોરધનભાઈ, પારાયણના યજમાન અ.નિ.પ.ભ. શૈલેષભાઈ ઈશ્વરભાઈ પટેલ આદિ પરિવારે લાભ લીધો હતો.

તા. ૨૯-૧૨-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી કથા પારાયણની પૂર્ણાહુતિની આરતી કરી, શાકોત્સવનો વઘાર કરી સભામાં બિરાજમાન થયા હતા. ધામોધામથી પધારેલા સંતોએ આપણા બન્ને ઉત્સવો સમૈયો, જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ વિશે સૌને માહિતગાર કર્યા હતા. બહેનોના રૂડા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારી બહેનોના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (જેતલપુર), બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી, મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી (નારણપુરા)એ સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

સભા સંચાલન શા. પ્રેમપ્રકાશદાસજી (લાલોડા)એ શોભાવ્યું હતું. (સાધુ જનમંગલદાસ)

**શિક્ષાપત્રી ૨૦૦ વર્ષના ''સમૈયો''ના ઉપલક્ષમાં સત્સંગ સભાઓ**

**પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી ''સમૈયો''ના ઉપલક્ષમાં થયેલ સત્સંગ સભાઓ**

**(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર ધામણવા**

અત્રે મંદિરમાં તા. ૧૦-૧૧-૨૦૨૫ ના શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૧૨ મિનિટની અખંડ ધૂન કરવામાં આવી હતી. સ્વામી સચ્ચિદાનંદ અને ગામના હરિભક્તોએ સુંદર આયોજન કર્યું હતું. મહંત સ્વામીના શિષ્ય સાધુ દિવ્યસ્વરૂપદાસજી આદિ સંત મંડળે પણ કથા-વાર્તાનો લાભ આપેલ.

**(૨) શ્રી સ્વામિનારાયણ મંદિર બાકરોલ**

શ્રી સ્વામિનારાયણ મંદિર બાકરોલમાં ૨૧૨ મિનિટની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન તા. ૪-૧૨-૨૦૨૫ ના રોજ સ્વા. સચ્ચિદાનંદ અને ગામના હરિભક્તોના સુંદર આયોજનથી કરવામાં આવી. સાથે શાકોત્સવ પણ ભવ્યતાથી ઉજવાયો હતો. દિવ્યસ્વરૂપ સ્વામી (પૂ. મહંત સ્વામીના શિષ્ય) અને સંતોએ પણ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

**(૩) શ્રી સ્વામિનારાયણ મંદિર કનીપુર**

શ્રી સ્વામિનારાયણ મંદિર કનીપુરનો ૯ મો વાર્ષિક પાટોત્સવ સ.ગુ. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (મહંતશ્રી કલોલ-જમીયતપુરા)ની પ્રેરણાથી તા. ૨૭-૨૮ નવેમ્બર ૨૦૨૫ ના વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે શ્રીહરિ ચરિત્ર કથા શા.સ્વા. સચ્ચિદાનંદજીના વક્તાપદે થઈ હતી. ઠાકોરજીની અન્નકૂટ આરતી સત્સંગ સભા આદિ કાર્યક્રમ થયા હતા. સ્વા. દિવ્યસ્વરૂપદાસજી (પૂ. મહંત સ્વામીના શિષ્ય) આદિ સંત મંડળે સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

**(૪)શ્રી સ્વામિનારાયણ કષ્ટભંજન દેવ મંદિર ન્યુ રાણીપ**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કષ્ટભંજનદેવ ન્યુ રાણીપ તથા સમસ્ત હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર તા. ૨૫-૧૨-૨૦૨૫ ના રોજ ૨૧૨ પ્રદક્ષિણા શ્રી નરનારાયણદેવની કરી હતી. દિવ્યસ્વરૂપ સ્વામી (પૂ. મહંત સ્વામીના શિષ્ય) માર્ગદર્શક રહ્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર**

શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ આખો સવારે ૫ થી ૬ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સર્વે હરિભક્તોએ સાથે મળી કરી હતી. આ ધૂનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ગોમતીપુર)

**અન્નકૂટ ઉત્સવ ધામ આદરજમાં ''સમૈયો'' પ્રવૃત્તિ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી આપણા આગામી શિક્ષાપત્રી ૨૦૦ વર્ષના ''સમૈયો'' ના ઉપલક્ષમાં અન્નકૂટ ઉત્સવ ધામ આદરજ મહિલા મંડળ દ્વારા ૨૦૦ ઘેર સત્સંગ સભા, ૨૦૦ મિનિટની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના દરેક બહેનોએ લાભ લીધો હતો.

(મહંત શા. સ્વા. રામકૃષ્ણદાસજી - આદરજ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા સમૈયો - જેતલપુરધામ દ્વિશતાબ્દીના ઉપલક્ષમાં વિવિધ પ્રવૃત્તિ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના કો. સ્વા. વિશ્વપ્રકાશદાસજી તથા પૂજારી સ્વા. બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી લાલોડા મંદિર દ્વારા આગામી આપણા ૨ મહામહોત્સવ ''સમૈયો'' અને જેતલપુર ''દ્વિશતાબ્દી મહોત્સવ''ના ઉપલક્ષમાં અખંડધૂન-પદયાત્રા, મંત્રજાપ, પ્રદિક્ષણા અને તા. ૨૧-૧૨-૨૦૨૫ ના રોજ ભવ્ય શાકોત્સવ સંતો-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવાયો. (શા. પ્રેમપ્રકાશદાસ - લાલોડા)

**''સમૈયો''ના ઉપલક્ષમાં લુણાવાડાગામે શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાજી (જમીયતપુરા-કલોલ) ની પ્રેરણાથી ઝાડી દેશનું શ્રી નરનારાયણદેવનું નિષ્ઠાવાન શહેર લુણાવાડા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આપણા સમૈયોના ઉપલક્ષમાં તા. ૨૭-૧૨-૨૦૨૫ ના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. લુણાવાડા અને આજુબાજુના ગામોના હજારો હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં સ.ગુ. શા. સ્વા. ગુરુપ્રસાદદાસજી, શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી આદિ ધામોધામના સંતોએ સમૈયોની રૂપરેખા સમજાવી હતી. શા. ઉત્તમ સ્વામી (કલોલ મહંતશ્રી)એ સભા સંચાલન કર્યું હતું.

છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી - લુણાવાડા)

**''સમૈયો'' ''જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ''ના ઉપલક્ષમાં મહેસાણા શાકોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી મહેસાણા પ્રદેશના કરશનપુરા, મોટપ, દેવરાસણ, મીઠા, આદિ ગામોના હરિભક્તો સાથેનો ભવ્ય શાકોત્સવ આપણા આગામી જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવ અને સમૈયોના ઉપલક્ષમાં તા. ૨૮-૧૨-૨૦૨૫ ના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તકે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. હજારો હરિભક્તોએ શાકોત્સવનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

સમગ્ર આયોજન અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વા. વિશ્વપ્રકાશદાસજી અને સ.ગુ. સ્વામી નારણપ્રસાદદાસજીએ કર્યું હતું. (કોઠારીશ્રી - મહેસાણા મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ માં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી પર્વ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. હરિકેશવદાસજીની દિવ્ય પ્રેરણાથી અને શા. સ્વા. હરિપ્રિયદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ગાંધીગનર ખાતે તા. ૨૬-૧૨-૨૦૨૫ થી તા. ૨૮-૧૨-૨૦૨૫ દરમ્યાન શિક્ષાપત્રી દ્વિશતાબ્દી પર્વ દબદબા પૂર્વક ઉજવાયો. તા. ૨૬-૧૨-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીના દર્શન કરી સભામાં પધાર્યા હતા. શિક્ષાપત્રીનું પૂજન કરી પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશદાસજી દ્વારા લખાયેલ ગીતા વિવેચનસાર પુસ્તકનું (હિન્દી ભાષામાં) પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે વિમોચન થયું. હાથેથી એક દાણો ફોલેલી ડાંગરના અક્ષત સમૈયો યજ્ઞ માટે સમર્પણ કર્યા. બાળકો બાલિકાઓ દ્વારા શિક્ષાપત્રીના શ્લોકોનું શ્રવણ કરી સૌ ઉપર ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રેરણાદાયક કાર્યક્રમોમાં શિક્ષાપત્રી મહાપૂજન મહાવિષ્ણુયાગ, શિક્ષાપત્રી શોભાયાત્રા, શિક્ષાપત્રી જન કલ્યાણ નગર યાત્રા, ૭૫ યુવાનો દ્વારા એક સાથે તાલબધ્ધ સંકીર્તન ભક્તનો અદ્‌ભુત કાર્યક્રમ, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, શિક્ષાપત્રી સંહિતા પારાયણ, શિક્ષાપત્રીનું સૂકામેવાથી પૂજન, સમૂહ નિરાજન વગેરે ભક્તિ, સત્સંગ સંસ્કાર શિક્ષાપત્રી આજ્ઞા પાલન દૃઢતા જેવા અનેક કાર્યક્રમોમાં હજારો હરિભક્તોએ લાભ લીધો હતો. શિક્ષાપત્રી કથા સત્સંગ શા. સ્વા. હરિપ્રિયદાસજીના વક્તાપદે કથાનું શ્રવણ કરી હજારો ભક્તો ધન્ય ધન્ય બન્યા હતા. (પિન્ટુ ભગત સે-૨૩)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાબલવાડ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી (ઈડર-ટોરડા)ની પ્રેરણાથી ઈડર પ્રદેશના સાબલવાડ ગામનું નૂતન હરિમંદિર પૂર્ણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૧૦-૧૨-૨૦૨૫ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે આયોજીત પ્રાસંગિક સભામાં મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી, સ.ગુ. મહંત શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) આદિ સંતોએ પ્રેરક પ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ગામના ઘરે ઘરે શિક્ષાપત્રી વહેંચી હતી. (પાર્ષદ ઘનશ્યામ ભગત)

**"સમૈયો"ના ઉપલક્ષમાં રતનપર (ઈડર પ્રદેશ) અખંડ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી (ઈડર-ટોરડા)ની પ્રેરણાથી રતનપર ગામના આયોજન દ્વારા આપણા આગામી સમૈયોના ઉપલક્ષમાં ૨૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સમગ્ર ગામના હરિભક્તોએ કરી હતી.

(પા. ઘનશ્યામ ભગત)

**"સમૈયો"ના ઉપલક્ષમાં ઈડર મંદિરમાં શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી આપણા આગામી મહામહોત્સવ સમૈયોના ઉપલક્ષમાં તા. ૧૪-૧૨-૨૦૨૫ ના રોજ સમગ્ર ઈડર પ્રદેશનો સંયુક્ત શાકોત્સવ, પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો. ૫૦૦૦ હજાર જેટલા હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

(પાર્ષદ ઘનશ્યામ ભગત)

**વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર ધનુર્માસ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી ઐતિહાસિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૬ ડિસેમ્બરથી આખો ધનુર્માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સ.ગુ. મહંત શા. સ્વા. નારાયણવલ્લભદાસજી, કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી કાંકરિયા મહંત શા. સ્વા. અભિષેકપ્રસાદદાસજીના સુંદર આયોજનથી વડનગરના તમામ હરિભક્તો ધૂનમાં પધારી લાભ લીધો હતો. (નવીનભાઈ)

**સંપ્રદાયનું સર્વોપરિ ધામ મહા તીર્થધામ છપૈયાપુરમાં ધનુર્માસ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સંપ્રદાયનું સર્વોપરિ મહાન તીર્થધામ છપૈયાપુરમાં કડકડતી ભયંકર ઠંડીમાં ધનુર્માસમાં સંત-હરિભક્તો પ્રાતઃ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં ભાવ વિભોર થઈ ગયા હતા. છપૈયા અને આજુબાજુના ગામો અને યાત્રિકોથી આખું મંદિર ચિક્કાર ભરાઈ ગયુ હતું. મહંત સ્વામી દેવ સ્વામી, વિષ્ણુ સ્વામીએ સુંદર વ્યવસ્થા કરીને સૌને પ્રસાદ કેલેન્ડર વગેરે આપીને સૌને રાજી કર્યા હતા. (કોઠારી સ્વામી છપૈયાપુર)

**મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર**

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર દ્વિદશાત્દી મહોત્સવ ઉજવાયો**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અત્રેના મંદિર નિર્માણ કર્તા અ.નિ. પૂજ્ય સ.ગુ. સ્વામી શ્રી પ્રેમજીવનદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી સ.ગુ. નિત્યપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરનો દ્વિદશાબ્દી મહોત્સવ

તા. ૧-૧૧-૨૦૨૫ થી તા. ૭-૧૧-૨૦૨૫ પર્યન્ત દબદબાપૂર્વક ઉજવાયો.

ઉત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ. શા.સ્વા. ત્યાગવલ્લભદાસજી તથા સ.ગુ.શા.સ્વા. કૃપાવત્સલદાસજી તથા શા.સ્વા. સત્સંગસાગરદાસજીના વક્તાપદે સંગીતના મધુર સુર સાથે થઈ હતી. તદુપરાંત પંચ દિનાત્મક શ્રીહરિયાગ, અખંડધૂન, સમૂહ મહાપૂજા, રાજોપચાર પૂજન, અન્નકૂટ, મહાભિષેક, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સમાજ લક્ષી કાર્યક્રમ ૧૨ નવ યુગલોના સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન, બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત, વિધવા બહેનોને અનાજ કીટ, ઝુપડપટ્ટીમાં રહેતા પરિવારોને તાડપત્રી વિતરણ, સમગ્ર શહેરના સફાઈ કામદારોનું સન્માન સાથે કીટ વિતરણ, સર્વરોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ આદિ કાર્યક્રમો થયા હતા. શિક્ષાપત્રી ૨૦૦ વર્ષના સમૈયાના ઉપલક્ષમાં શિક્ષાપત્રી સચિત્ર પ્રદર્શનનું સુંદર આયોજન થયું હતું.

તા. ૧-૧૧-૨૦૨૫ ના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. જેઓશ્રીના વરદ્ હસ્તે મહોત્સવનું ઉદ્‌ઘાટન વિધિવત રીતે સંપન્ન થયું હતું. ત્યારબાદ સમગ્ર સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી સમગ્ર બહેનોને દર્શન-આશીર્વાદ આપવા ખાસ પધાર્યા હતા. તા. ૭-૧૧-૨૦૨૫ કારતક વદ-૨ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને નિજ મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી સભામાં પધારી સેવા કરનાર યજમાનોનું સન્માન કરી સમગ્ર સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી વિશાળ સંખ્યામાં સંતો અને હરિભક્તો અને સાંખ્યયોગી માતાઓ પધાર્યા હતા. સામાજીક, રાજકિય આગેવાનોએ પણ સુંદર લાભ લીધો હતો. અ.નિ. પૂ. સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની દિવ્ય પ્રેરણાથી મહોત્સવના મુખ્ય યજમાનનો લાભ પ.ભ. પ્રવિણભાઈ નટવરલાલ પટેલ (સેડલા) પરિવારે લીધો હતો. કથા પારાયણના મુખ્ય યજમાન પ.ભ. રમેશભાઈ ઠાકરશીભાઈ દલસાણીયા (જસાપર) પરિવારે લાભ લીધો હતો. સમગ્ર મહોત્સવનું સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. ભક્તિનંદનદાસજી (હળવદ), સ.ગુ. મહંત સ્વામી નિત્યપ્રકાશદાસજીએ શોભાવ્યું હતું. સમગ્ર મહોત્સવના પ્રેરક સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીની પ્રેરણા-માર્ગદર્શન મુજબ સ્વયં સેવકો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. મહિલા મંડળની સેવા પણ પ્રેરણારૂપ હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**પૂ. દેવાનંદ સ્વામીના બળોલ ગામે ધનુર્માસ ધૂન**

જે ભૂમિ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ૧૭ વખત પધારી સમગ્ર ગામ અન ગામની ભૂમિને તીર્થભૂમિ બનાવી છે. જ્યાં આપણા અષ્ટ કવિઓમાંના સ.ગુ. દેવાનંદ સ્વામીનું પ્રાગટ્ય થયું છે. શ્રી નરનારાયણદેવ, મૂળી શ્રી રાધાકૃષ્ણદેવનું ચૂસ્ત ગામ છે. અહીં સ્વામિનારાયણ મંદિરમાં આખો ધનુર્માસ હરિભક્તોએ મહામંત્ર ધૂન કરી હતી. રોજે અડદીયાનો પ્રસાદ ભાઈઓ-બહેનોના મંદિરમાં વહેંચવામાં આવતો હતો. ગામ ઉપર સમગ્ર ધર્મકુળની ખૂબ કૃપા છે.

(બૂટીયાભાઈ)

## SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

**Information for foregin donation towards Shree Narnarayan Mandir Trust for all Satsangi, who are belongs to abroad (out side India) remit their donation to Shree Narnarayan Mandir Trust, Kalupur, Ahmedabad. Only in Our FCRA A/c. Details as under.**

| | | |
|---|---|---|
| **BANK NAME** | : | **STATE BANK OF INDIA** |
| **BRANCH** | : | **FCRA CELL, MAIN BRANCH, SANSAD MARG, NEW DELHI-110001** |
| **BENEFICIARY NAME** | : | **SHREE NARNARAYAN MANDIR TRUST** |
| **SAVING BANK A/C. NO.** | : | **401 890 15898** |
| **IFS CODE** | : | **SBIN0000691** |
| **SWIFT CODE** | : | **SBININBB104** |
| **BENEFICIARY ADDREES** | : | **SHREE SWAMINARAYAN TEMPLE, KALUPUR, AHMEDABAD, GUJARAT, INDIA** |

**Special instruction for remittance made through NRE Cheque in Indian Rs.-**

**If any donation route from abroad to NRE A/c in India (of Donor), please donate with your cheque along with copy of passport of related donor, Only afterwards their donation will be credited in above mentioned A/c only.**

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji

# અમદાવાદ દેશના વિવિધ મંદિરોમાં ધર્મકુળના સાંનિધ્યમાં શાકોત્સવ


મેઉ


ઓલા


મહેસાણા


ધોળકા


લુણાવાડા


વીસનગર


શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપર પાટોત્સવ પ્રસુગે સભામાં આશીર્વાદ આપતાપ.પૂ.આચાર્ય મહારાજશ્રી


સમૈયોના ઉપલક્ષમાં અમદાવાદ મંદિરમાં ચિત્ર સ્પર્ધામાં ૨૦૦ કલાકારોએ ભાગ લીધો હતો.


પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં ભુજ મંદિર દ્વારા ઉજવાનાર શિક્ષાપત્રી દ્વી શતાબ્દી મહોત્સવની આમંત્રણ પત્રિકા લેખન

# આપણા વિવિધ મંદિરોમાં સમૈયાની પત્રિકાનું ઉષ્માભર્યુ સ્વાગત...


ભુજ


જેતલપુર


ધોળકા


ગાંધીનગર સે.૨


કાંકરિયા



Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026



એક નવતર પ્રયોગ : સભા મંડપમાં “સમૈયો”ની પત્રિકા લખતાં સંતો અને યજમાનશ્રીઓ



સેબલવાડ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



અડાલજ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં ૫ મુમુક્ષુઓને સંત દિક્ષા આપતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી


પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી



શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો

**સમૈયો**

23-1-2026 - 27-1-2026

અધ્યક્ષ
પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ ઐક

સ્થળઃ-
“પર્વ”ગ્રાઉન્ડ, પ્રભા હનુમાનજી મંદિરની બાજુમાં,
જમીયતપુરા,અમદાવાદ


Praful Kharsani